**આજનો સુવિચાર**

નાની ઉમરે જે ઘટના અનુભવાય તે કેળવણી છે, જે મોટી ઉમરે અનુભવ બની જાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૨૦ જૂનાગઢ તા.૦૨-૯-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 220, Junagadh : Date : 02 September, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## ચંદ્ર પર ચમત્કાર સર્જયા બાદ હવે સૂર્ય નમસ્કાર : મિશન - સૂરજની સફળતાને પગલે ઈસરોએ વધુ એક ઈતિહાસ રચ્યો

# આદિત્ય L1 નું સફળ લોન્ચિંગ



શ્રી હરિકોટા, તા.૨ અપેક્ષા મુજબ ભારતનાં બહુચર્ચિત મિશન-સૂરજ અંતર્ગત આદિત્ય-એલ-૧નું શ્રીહરિકોટા સ્થિત સતીષ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી પીએસએલવી રોકટ દ્વારા લોન્ચીંગ કરવામાં સફળતા મળી છે તો સાથે ભારતની અવકાશ સંશોધન સંસ્થા ઈસરોએ વધુ એક ઈતિહાસ રચી દીધો છે.

ચંદ્રયાન-૩નું ચંદ્ર ઉપર સફળળ લેન્ડીંગ કરાવી વિશ્વભરમાં ડંકો વગાડયા બાદ હવે ભારત સૂર્યનાં રહસ્યો ખોલવા સજ્જ થયું છે. મિશન હેઠળ ભારતે આજે સફળતાપૂર્વક આદિત્ય-એલ-૧નું લોન્ચીંગ કર્યુ છે. ઈસરોએ જણાવ્યુ છે કે નિર્ધારિત સ્થળે પહોંચતા યાનને ૧૨૫ દિવસ લાગશે અને તે આ દરમ્યાન ૧૫ લાખ કિમીનું અંતર કાપશે.

આશ્ચર્યની વાત એ છે કે **Aditya L1 Mission**નું બજેટ માત્ર ૪૦૦ કરોડ રૂપિયા છે. જે ચંદ્રયાન ૩ મિશન કરતા ૨૦૦ કરોડ રૂપિયા ઓછું છે. ચંદ્રયાન ૩માં ૬૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. બીજી તરફ તે નાસાના સન મિશન કરતા ૯૭ ટકા સસ્તું છે.

સૂર્ય અને પૃથ્વી વચ્ચે **L1** બિંદુ છે. તેને પ્રભામંડળ ભ્રમણકક્ષા કહેવામાં આવે છે. **Aditya L1** ત્યાં સ્થાપિત થશે. આ **Aditya L1 Mission** સૂર્ય વિશે મહત્વપૂર્ણ માહિતી પ્રદાન કરશે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, સૂર્ય વિશે ઘણા અજાણ્યા રહસ્યો બહાર આવશે. તમને સૂર્યના વિવિધ સ્તરો વિશે માહિતી મળશે. **Aditya L1 Mission** નું આયુષ્ય પાંચ વર્ષનું હશે.

પાંચ વર્ષો સુધી સૂર્યની આસપાસ ફરતું રહેશે. સોલાર સ્ટોર્મ, સોલાર કોરોના અને અન્ય ઘટનાઓ વિશે માહિતી મેળવશે. ચંદ્રયાન-૩ની જેમ આદિત્ય પૃથ્વીની પરિક્રમા કરનાર પ્રથમ મિશન હશે. થોડા રાઉન્ડ કર્યા પછી તે ૧.૫ મિલિયન કિલોમીટરનું અંતર કાપીને **L-1** પોઇન્ટ પર પહોંચશે. આ બિંદુની પરિક્રમા કરીને **Aditya L1** સૂર્યના બાહ્ય સ્તર વિશે માહિતી આપશે.


ઈમરજન્સી એટલે વોકહાર્ટ
2,00,000 થી વધારે દર્દીની ઈમરજન્સી માં સારવાર
વધુ માહિતી માટે :
95861 44344
WOCKHARDT HOSPITALS
LIFE WINS



HOPE
DIABETES CLINIC AND RESEARCH CENTRE
ડો. દિપક ચુડાસમા
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
✓ ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
✓ ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઇ જવો ● ફ્રેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો
● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝન શોલ્ડર
● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R.
● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૦૦૦નાં રીપોર્ટ માત્ર ૮૦૦માં કરી દેવામાં આવે છે
રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
બીજો માળ, એપલવુડ, વિશાલા હોટલ પાસે, બસ સ્ટેશનનાં બીજા ગેઈટ સામે, જૂનાગઢ
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦


## આજે ભારત- પાકિસ્તાન વચ્ચે હાઈવોલ્ટેજ જંગ

કેન્ડી (શ્રીલંકા) તા. ૨ : એશીયા કપ વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં બપોરે ૩.૩૦ કલાકથી ભારત-પાકિસ્તાનની પ્રથમ ટકકર થશે. ટુર્નામેન્ટનો આ પ્રથમ હાઈ વોલ્ટેજ મુકાબલો બનશે તેના પર ભારત સહિત વિશ્વભરનાં ક્રિકેટ રસીકોની ઉતેજનાભરી નજર રહેવાનું સ્પષ્ટ છે.૧૧ મહિના બાદ બન્ને દેશો ક્રિકેટમા આમને-સામને આવ્યા છે એટલુ જ નહિં આગામી બે મહિનામાં ભારત-પાક વચ્ચે અનેક મુકાબલા થવાની સંભાવના છે.

ભારત-પાકિસ્તાન મેચ માટે કેન્ડીના મેદાન પર ખાસ નવી પીચ તૈયાર કરવામાં આવી છે. આ મેદાન પર અત્યાર સુધીમાં અનેક હાઈ સ્કોરીંગ મેચ થયા છે. આજના મેચ માટે તૈયાર કરાયેલી પીચ બોલરોને ફાયદારૂપ હોવાના સંકેત છે. હવામાન પણ વાદળીયુ રહેવાની આગાહી હોવાથી ફાસ્ટ બોલરોને બેવડો લાભ મળી શકે છે. આ સંજોગોમાં મોટો સ્કોર બનાવવાનું સરળ જ નહિં હોય સાંજે તથા રાત્રે વરસાદ થવાની પણ આગાહી છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



કલ્પ ઉપવન
રેસીડેન્સી
અવસર પાર્ટી પ્લોટની સામે, વાડલા ફાટક, વંથલી રોડ, જૂનાગઢ.
મજબુત એન્ટ્રી ગેઇટ
સીકયુરીટી માટે કેબીન
બાળકો માટે પ્લે ગ્રાઉન્ડ
સીકયુરીટી માટે કેમેરા
પુરતા પ્રમાણમાં સ્ટ્રીટ લાઇટ
મજબુત સી.સી. રોડ રસ્તા
સુઆયોજીત ગટર વ્યવસ્થા
ફરતી બાજુ કંપાઉન્ડ વોલ
લોકેશન જાણવા માટે સ્કેન કરો
પ્લાન મેળવવા માટે સ્કેન કરો
ISHAAN GROUP
બુકીંગ સંપર્ક
આશિષ ઉપાધ્યાય – 99095 50000
ધવલ ત્રાંબડીયા – 99989 93828
॥ રામ ॥
દરેક પરિવારને પરવડે તેવા ભાવમાં
શહેરના અતિ વિકસિત વિસ્તારમાં
રેસીડેન્સીયલ ખુલ્લા સ્વતંત્ર પ્લોટ પ્રોજેક્ટ...
વાડલા ફાટકમાં

૧૫ માસની મુદત/સરળ હપ્તા



૯૫ થી ૧૯૦ વારના ખુલ્લા પ્લોટ

Kapil-98795 21100

# માણાવદર તાલુકાના સારંગપીપળી ગામે થયેલ હત્યાના ગુન્હામાં સંડોવાયેલા આરોપીઓને ગણત્રીના કલાકોમાં ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાના સારંગપીપળી ગામમાં પ્રેમ પ્રકરણના કારણે યુવતીના પરિવારના સભ્યોએ પાઈપ તથા લાકડાના ધોકા વડે માર મારતા ભડ ગામના યુવાનનું ગંભીર ઈજા થવાના કારણે મૃત્યું થયું હતું અનો આ બનાવ હત્યામાં પલટાયો હતો. આ બનાવ અંગે કુલ પાંચ સામે ખુનાના ગુના સહિતની વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ આવ્યો હતો. દરમ્યાન આ હત્યા કેસમાં સાંડોવાયેલા આરોપીઓનો પોલીસ ગણત્રીના કલાકોમાં જ ઝડપી લઈ તેમના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ બનાવ અંગે પોલીસો આપેલી વિગત અનુસાર પોરબંદર જીલ્લાના ભડ ગામના જીતેન્દ્રભાઈ વિનોદભાઈ ગોરડ (ઉ.વ.૩૫)એ ભૂમિકાબોન પ્રફુલપરી ગોસ્વામી રહે.ભડ ગામ, દિવ્યેશપરી પ્રફુલપરી ગોસ્વામી, પ્રફુલપરી કરશનાપરી ગોસ્વામી, ભાવેશપરી પ્રવિણપરી ગોસ્વામી રહે.સારંગપીપળી, કલ્પેશપરી પ્રવિણપરી ગોસ્વામી રહે.સારંગપીપળી વિગેરે સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓ જેમાં આરોપી નં-૧ ભૂમિકાબેનાનો આ કામના ફરિયાદીના ભાઈ નિલેશભાઈ સાથે પ્રેમ સંબંધ હોય અને આ પ્રેમ સંબંધની ભૂમિકાબેનના ઘરના સભ્યોને ખબર પડી જતા અને તેના ઘરના સભ્યોએ ભૂમિકાબેનાને માણાવદર તાલુકાના સારંગપીપળી ગામે તેના મોટાબાપા પ્રવિણપરી ગોસ્વામીને ઘરે છેલ્લા પાંચેક મહિનાથી રહેવા મોકલી દીધેલ હતા. દરમ્યાન આ કામના આરોપીએ પુર્વઆયોજીત કાવતરૂ રચી એક સંપ કરી ગેરકાયદેસર મંડળી રચી અને સમાન ઈરાદો પાર પાડવા ભૂમિકાબોન પ્રફુલપરી ગોસ્વામીએ મૃતક નિલેશભાઈનો મળવા બોલાવતા નિલેશભાઈ ભૂમિકાબોનને મળવા ગયા હતા. જયાં આ કામના તમામ આરોપીઓએ નિલેશભાઈને ગોડાઉનમાં પુરી ગેરકાયદેસર અટકાયત કરી અને ગુનાહિત ધમકી આપી પાઈપ તથા લાકડાના ધોકા વડે વારાફરતી શરીરે માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ હુમલા પ્રકરણમાં નિલેશ ગોરડ બેભાન થઈ ગયો હતો. આ યુવકનો સારવારમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ સારવાર પુર્વે જ તેનું મૃત્યું થયું હતું. આ બનાવ તા.૩૦-૮-૨૦૨૩ કલાક ૨૧:૩૦થી તા.૩૧-૮-૨૦૨૩ કલાક ૭ દરમ્યાન બનવા પામેલ અને ગઈકાલે તા.૩૧-૮-૨૦૨૩ કલાક ૨૨:૫ એ જાહેર કરવામાં આવેલ. જીતેન્દ્રભાઈ વિનોદભાઈ ગોરડની ફરિયાદ ઉપરથી પોલીસે ભૂમિકાબોન સહિત પાંચ આરોપીઓ વિરૂધ્ધ કલમ ૩૦૨, ૩૨૩, ૩૪૨, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૮, ૫૦૬(૨), જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. દરમ્યાન આ બનાવની ગભીરતા ધ્યાને લઈ જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ ઝાંઝડીયાની સુચના તથા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ઉપરોકત બનાવમાં સડોવાયેલા આરોપીને તાત્કાલીક પકડી પાડવા સખ્ત સુચના કરવામાં આવી હતી જેના પગલે પો.ઈન્સ. જે.જે. પટેલ તથા પો.સબ ઈન્સ ડી.કે. ઝાલા દ્વારા ખાનગી બાતમીદારો તથા ટેકનિકલ સોર્સના માધ્યમથી તપાસ હાથ ધરવામાં આવેલ હતી અને આરોપીઓને શોધી કાઢવાના પ્રયાસો જારી હતા. તે દરમ્યાન પો.સ.ઈ. જે.જે.ગઢવી તથા પો.કોન્સ. દિપકભાઈ નાથાભાઈ બડવાનો ખાનગી બાતમીદારો મારફતે ચોકકસ હકિકત મળેલ કે, ઉપરોકત આરોપીઓ પૈકી આરોપી ભૂમીકાબેન પ્રફુલપરી ગૌસ્વામી તથા પ્રફુલપરી કરશનપરી ગૌસ્વામી રહે બંને ભડ ગામ તા.જી. પોરબંદર વાળાઓ સારંગપીપળી ગામે હોવાની હકીકત મળતા તાત્કાલીક મહિલા પો.કો. સોજલબેન ગરચરનો સાથે સારંગપીપળી ગામે તપાસ કરતા આરોપી ભુમીકાબેન ડો/ઓ પ્રફુલપરી કરશનપરી ગૌસ્વામી બાવાજી, ઉ.વ.૨૦ રહે. ભડ તા.જી. પોરબંદર હાલ રહે. સારંગપીપળી તા. માણાવદર તથા આરોપી પ્રફુલપરી કરશનપરી ગૌસ્વામી બાવાજી, ઉ.વ.૫૨ રહે. ભડ તા.જી. પોરબંદર વાળા બંને આરોપીઓ હાજર મળી આવતા રાઉન્ડઅપ કરવામાં આવેલ છે.



તેમજ ક્રાઈમ બ્રાન્ચના એ.એસ.આઈ. વિક્રમભાઈ કાનાભાઈ ચાવડા, પો.હે.કો. જયદિપભાઈ મનસુખભાઈ કનેરીયા, પો.કો.સાહિલ હુસેનભાઈ સમા ને સંયુકત બાતમીદારો મારફતે ચોકકસ હકિકત મળેલ કે આરોપી દિવ્યેશપરી પ્રફુલપરી ગૌસ્વામીનો આદિત્યાણા ગામે છુપાયેલ હોવાની હકિકત મળતા આદિત્યાણા ગામે તપાસ કરતા આરોપી દિવ્યેશપરી પ્રફુલપરી ગૌસ્વામી બાવાજી ઉ.વ.૨૯ રહે ભડ ગામ તા.જી. પોરબંદરનો મળી આવતા ધોરણસાર રાઉન્ડઅપ કરવામાં આવેલ છે તેમજ ઉપરોકત પો.સ્ટાફને આરોપી ભાવેશપરી પ્રવિણપરી ગૌસ્વામી અને કલ્પેશપરી પ્રવિણપરી ગૌસ્વામીનાઓ માણાવદર ગામે છુપાયેલા હોવાની હકિકત મળેલ હોય જેથી માણાવદર ખાતે તપાસ કરતા આરોપી ભાવેશપરી પ્રવિણપરી ગૌસ્વામી બાવાજી ઉ.વ.૩૨ રહે. સારગપીપળી તા.માણાવદર તથા આરોપી કલ્પેશપરી પ્રવિણપરી ગૌસ્વામી બાવાજી ઉ.વ.૩૦ રહે. સારગપીપળી તા. માણાવદર વાળા બંને આરોપીઓ હાજર મળી આવતા ત્યાંથી રાઉન્ડઅપ કરવામાં આવેલ છે જે ઉપરોકત રાઉન્ડઅપ કરેલ પાંચેય આરોપીઓને હસ્તગત કરી માણાવદર પો.સ્ટે. ખાતે સોંપી આપેલ છે. જેઓ આગળની તપાસ માણાવદર પો.સ્ટે.ના પો.સબ. ઈન્સ. નાઓ ચાલવી રહેલછે. આ કામગીરીમાં ક્રઈમ બ્રાન્ચ જૂનાગઢના પો.ઈન્સ. જે.જે. પટેલ તથા પો.સ.ઈ. ડી.કે. ઝાલા તથા પો.સ.ઈ. ડી.એમ. જલુ તથા એ.એસ.આઈ. વી.કે. ચાવડા, તથા પો.હે.કો. જયદિપ કનેરીયા, યશપાલસિંહ જાડેજા, તથા પો.કોન્સ. સાહિલભાઈ સમા તથા વુમન પો.કોન્સ. સોજલબેન કોડીયાતર તથા ડ્રા.પો.કોન્સ. વનરાજભાઈ ચાવડા, મુકેશભાઈ કોડીયાતર વગેરે પો.સ્ટાફના માણસોએ સાથે રહી કામગીરી કરવામાં આવી હતી.

# દિવ્યાંગોમાં આત્મવિશ્વાસનું નિર્માણ કરવા અને પ્રોત્સાહન આપવા શાળાઓમાં રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના નિર્દેશ

## કલેકટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં સમાજ સુરક્ષા હેઠળની જુદી-જુદી સમિતિઓની બેઠકો યોજાઈ




જૂનાગઢ, તા.૨

કલેકટર અનિલ કુમાર રાણાવસિયાએ સમાજ સુરક્ષા હેઠળની જુદી-જુદી સમિતિઓની બેઠક યોજી, સમાજના જરૂરિયાતમંદ, અશક્ત, દિવ્યાંગો વગેરે માટેની કેન્દ્ર -રાજય સરકારની જન કલ્યાણકારી યોજનાઓ હેઠળ લાભાર્થીઓને મળતા લાભોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. સાથે જ લોકોને આ જનકલ્યાણકારી યોજનાઓનો સરળતાથી લાભ મળે તે સુનિશ્ચિત કરવા સબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં કલેકટરે દિવ્યાંગ બાળકોમાં પ્રારંભથી એટલે કે, શિક્ષણ કાર્ય દરમ્યાન જ આત્મવિશ્વાસનું નિર્માણ થાય તે માટે બાળકોમાં રહેલી ખૂબીઓ ઉજાગર કરવા જુદી-જુદી રચનાત્મકપ્રવૃત્તિઓ હાથ ધરવા અને દિવ્યાંગોને પ્રોત્સાહન આપવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી. ઉપરાંત વિશેષ સિદ્ધિ હાંસલ કરેલ દિવ્યાંગોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવાનું પણ આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ હેઠળ વૃદ્ધ તથા નિરાધાર વૃદ્ધ પેન્શન, નેશનલ ડિસેબિલિટી પેન્શન, મનોદિવ્યાંગ પેન્શન, ગંગા સ્વરૂપા આર્થિક સહાય પેન્શન જેવી પેન્શન યોજનાઓ ઉપરાંત પાલક માતા-પિતા, સંત સૂરદાસ વગેરે જનકલ્યાણકારી યોજનાઓની સમીક્ષા કરતા કલેક્ટરશ્રીએ જિલ્લામાં પાત્રતા ધરાવનાર લોકો આ યોજનાઓના લાભોથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવા માટે જણાવ્યુંહતું. ઉપરાંત લોકોને આ યોજનાઓનો સરળતાપૂર્વક લાભ મળે અને અસરકારક અમલવારી થાય તે માટે પણ જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું. નેશનલ ટ્રસ્ટ એક્ટ-૧૯૯૯ હેઠળની બેઠકમાં ૩ મનોદિવ્યાંગ વ્યક્તિના વાલીપણાંના સર્ટી મંજુર કરવામાં આવ્યા હતાં. તેમજ નિરામયા હેલ્થ યોજના અન્વયે દરેક પાત્રતા ધરાવતા મનોદિવ્યાંગનો સમાવેશ કરવા કલેકટરે નિર્દેશ આપ્યા હતા.

પ્રોબેશન ઓફ ઑફેન્ડસ એક્ટ -૧૯૫૮ હેઠળની સમાજ સુરક્ષા કચેરીની કામગીરીની સમીક્ષા કરવામાં આવી. જેમાં જેલમાં રહેતા કેદીઓના કુટુંબને કેદી સહાય યોજના અને અન્ય સરકારી યોજનાઓના લાભ મળે તેમજ જેલમાંથી મુકત થતા કેદીઓ માટે રોજગારીની તકો મળે તે માટે આયોજન કરવા માટે સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હતી. આ બેઠકોમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી રામાણી, જિલ્લા શિક્ષણધિકારી વાઢેર, મહિલા અને બાળ અધિકારી ભિંભા, રોજગાર અધિકારી પ્રશાંત ત્રિવેદી, સેવાકીય સંસ્થાના સંચાલક - પ્રતિનિધિ સહિતના સંબંધિત કમિટીની બેઠકમાં સંલગ્ન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેશોદ ખાતે સત્સંગ દીક્ષા ગ્રંથ અંતર્ગત બાલિકા પારાયણનું આયોજન



જૂનાગઢ, તા. ૨

અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ) આયોજિત બાલિકા યુવતી પારાયણનું આયોજન કેશોદ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર સંચાલન બાલિકા, યુવતી દ્વારા થયુ હતું. જેમાં દીપ પ્રાગટય, સંસ્કારનું સિંચન અને બી.એ.પી.એસ.સંસ્થાના આધ્યાત્મિક ગુરૂ પરમ પૂજ્ય મહન્તસ્વામી મહારાજ રચિત સત્સંગ દીક્ષા ગ્રંથના ભક્તિ યુકત પ્રવચનો, અનુરૂપ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. પીપીટીના માધ્યમ દ્વારા મીડિયામાં લોકોને ખોટી લોભામણી જાહેરાત અને મોબાઈલના દુરુપયોગ વિશે સાવચેતી રાખવા અંગેનું માર્ગદર્શન યુવતી દ્વારા આપવામાં આવ્યું હતું.

બીએપીએસ સંસ્થા આજના અતિ આધુનિક યુગમાં આધ્યાત્મિક વાતાવરણ ઉભું થાય અને બાલ બાલિકામાં આધ્યાત્મિકતા કેળવાય તેમજ પોતાનામાં રહેલી સુષુપ્ત શકિતને વિકસાવવા એક પ્લેટફોર્મ પૂરૂ પાડે છે. દરેક બાલિકાને પ્રોત્સાહન માટે મહિલા મંડળ દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

# ગીર સોમનાથ જીલ્લાને સરકારી મેડીકલ કોલેજની મંજુરી આપવા માંગણી : આવેદનપત્ર અપાયું

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨

ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૬માં જાહેર કરેલી આરોગ્ય નીતિના ભાગરૂપે રાજયના દરેક જિલ્લામાં એક નવી સરકારી મેડિકલ કોલેજ શરૂ કરવાની જાહેરાત કર્યાબાદ ગીર સોમનાથ જિલ્લામાં સરકારી મેડિકલ કોલેજના બદલે ખાનગી મેડિકલ કોલેજ શરૂ કરવા હિલચાલ કરતા આ અંગે કોડીનાર તાલુકા કોંગ્રેસના પ્રમુખ મહેશભાઈ મકવાણાએ જોરદાર વિરોધ નોંધાવીને એક વિસ્તૃત પત્ર રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પાઠવીને ગીર સોમનાથ જિલ્લાને સરકારી મેડિકલ કોલેજ મળે તેવી માંગણી કરી છે.

મહેશભાઈ મકવાણા એ જણાવ્યું છે કે, ગીર સોમનાથ જિલ્લો દરિયાઈ પટ્ટી ઉપર આવેલો છે. આ જિલ્લામાં મોટાભાગના લોકો ખેતીવાડી ઉપર નિર્ભર હોવા ઉપરાંત મોટાભાગના લોકો ગરીબ અને પછાત વર્ગના છે. દરિયાના ખારા પાણીના કારણે કિડની પથરી અને કેન્સરના રોગે આ જિલ્લાના લોકોમાં ભરડો લીધો છે. જિલ્લામાં કોઈ મોટી સરકારી હોસ્પિટલ નથી ત્યારે સરકારે કરેલી જાહેરાત મુજબ દરેક જિલ્લામાં એક સરકારી મેડિકલ કોલેજ બનાવવી પરંતુ સરકારી મેડિકલ કોલેજના બદલે ખાનગી મેડિકલ કોલેજ શરૂ કરવા હિલચાલ કરીને યોગ્યતા ધરાવતી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવતા આ જિલ્લાને ખાનગી મેડિકલ કોલેજ તરફ લઈ જવાનો જે રસ્તો અપનાવવામાં આવ્યો છે તેની સામે વિરોધ નોંધાયો હતો. જો આ અંગે તાત્કાલિક નિર્ણય બદલીને સરકારી મેડિકલ કોલેજ આપવા તરફ ધ્યાન નહીં આપવામાં આવે તો જન આંદોલન સહિતના પગલા લેવા ચીમકી આપતું એક આવેદનપત્ર કિસાન સંઘના અજીતભાઈ ડોડીયા, કોડીનાર શહેર કોંગ્રેસ પ્રમુખ કૌશિકભાઈ ઉપાધ્યાય સહિતના લોકોએ કોડીનાર મામલતદારને પાઠવ્યું છે.

# ડો.મંજુલા પૂજા શ્રોફના પ્રથમ પુસ્તક ‘બેબી સ્ટેપ્સ ટુ બીગ ડ્રીમ્સ’નું વિમોચન

## પુસ્તકનો ઉદેશ માતા-પિતા સાથે એવા સંવાદો વ્યકત કરવાનો છે કે, માતા-પિતા તેમના બાળક સાથે સંકળાયેલી વિવિધ પરિસ્થિતિઓને સહાનુભૂતિ અને પ્રેમપૂર્વક હલ કરી શકે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨

એજયુપ્રિન્યોર ડો.મંજુલા પૂજા શ્રોફના પુસ્તક **“Baby Steps to Big Dreams- Essential Conversations for Modern Parents”**નું અમદાવાદમાં વિમોચન કરવામાં આવ્યુંહતું. ડો.શ્રોફના એકલખેક તરીકે તેમના આ પ્રથમ પુસ્તકમાં બાળકો આપણા અસ્તિત્વનું મુળ છે અને અમર્યાદિત આનંદનો સ્ત્રોત તથા આપણા જીવનના તમામ પાસાંઓમાં શ્રેષ્ઠ કામગીરી કરવા માટે કારણરૂપ છે તેવી માન્યતા વ્યકત કરાઈ છે. એક શિક્ષણવિદ તરીકે તેમનો વિદ્યાર્થીઓને ઓળખવાની, સમજવાની અને તેમના જીવનનું પ્રેમપૂર્વક સંવર્ધન કરવાની તક પ્રાપ્ત થઈ છે. ‘બેબી સ્ટેપ્સ ટુ બીગ ડ્રીમ્સ’ એસેન્સિયલ કન્વર્સેશન્સ ફોર મોડર્ન પેરેન્ટસ મારફતે ડો.શ્રોફનો ઉદેશ માતા-પિતા સાથેના એવા સંવાદો વ્યકત કરે છે કે, જે બાળકોને નોંખી રીતે સાહાનુભૂતિ અને પ્રેમપૂર્વક ઉછેરમાં સાહાયરૂપ થશે. આ પુસ્તાકમાં બાળકના ઘનિષ્ટ વિકાસ અંગે ઉડી સમજ વ્યકત કરીને વિવિધ પડકારો અને ચિંતાઓ હલ કરવાનો પ્રયાસ કરાયો છે. ડો.શ્રોફ જણાવે છે કે, પેરેન્ટીગ એ એક આનંદદાયી પ્રક્રિયા છે અને તેને માણવી જોઈએ. ‘બેબી સ્ટેપ્સ ટુ બીગ ડ્રીમ્સ’માં વિવિધ વયજુથોને લાગુ પડતા અનેક વિષયોને આવરી લેવામાં આવ્યા છે જે બાળકના તબકકાવાર વિકાસની પ્રક્રિયાઓ સાથે સાંકળાયેલા છે અને તેના વિવિધ પાસા તથા અનુભવો વ્યક્ત કરે છે. આ પુસ્તક માતા-પિતા કેરગીવર્સ, વાલીઓ અને શિક્ષકો બાળકોના બાળપણની સુરક્ષા કરીને તેમના આત્મવિશ્વાસપૂર્વકના પુખ્ત વ્યકિતમાં રૂપાંતર કરવાનું છે જે ધ્યેય હાંસલ કરવામાં સાહાયક બનવાની સાથે સાથે માતા-પિતાને સમતોલ રીત પ્રેમાળ અને કડકાઈનો સમન્વય કરીને પ્રેમ તથા માર્ગદર્શન, તર્ક અને સંવાદ સાથે ઉછેર કરવામાં સહાયક બને છે. બેબી સ્ટેપ્સ ડ્રીમ્સનું તા.૨૩ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ મોરેશ્યસ ખાતે મોરેશ્યન પ્રેસિન્ડેન્ટ પ્રિથ્વીરાજસિંગ રૂપુન, મોરેશ્યન વાઈસ પ્રાઈમ મિનિસ્ટર અને મિનિસ્ટર ટર્શિયરી એજયુકેશન શ્રીમતી લીલા દેવી ડુકુન-લુછુમુન અને મિનિસ્ટર ઓફ ફાયનાન્સિયલ સર્વિસ એન્ડ ગુડ ગવર્નન્સ એમકે સિરૂટ્ટનના હસ્તે ઉદ્યોગ, શિક્ષણ જગત, પુસ્તકપ્રેમી વ્યકિતઓ અને અન્ય પ્રસિધ્ધ લોકોની હાજરીમાં વિમોચન કરવામાં આવ્યું હતું. બેબી સ્ટેપ્સ ટુ બીગ ડ્રીમ્સ એમેઝોન અને દેશના અન્ય ટોચના ઈ-કોમર્સ પ્લેટફોર્મ તથા ટોચના બુકસ્ટોર્સમાં ઉપલબ્ધ છે. આ પુસ્તકનું પ્રકાશન વીતાસ્ટા પબ્લીશીંગ નામની નવી દિલ્હીની સ્વતંત્ર પ્રકાશન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે.

# ફાટસર ગામે આવેલ શ્રી કેદારેશ્વર મહાદેવ મંદિરે શિવ મહાપુરાણ જ્ઞાન યજ્ઞનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨

ઉનાના ગીરગઢડા તાલુકાના ફાટસર ગામની સીમમાં પવિત્ર મચ્છુન્દ્રી નદીના કિનારે પ્રાચીન અને પૌરાણિક શ્રી કેદારેશ્વર મહાદેવનું શિવ મંદિર આવેલ છે. આ જગ્યા ઉપર અ.ની.પુ.૧૦૮ શ્રી, મૌનીજી મહારાજે તપ કરેલ અને તેમના સંકલ્પથી છેલ્લા ૮૦ વરસથી રામ કથા, ભાગવત કથા, શિવ કથાઓ યોજાય છે અને ૮૧માં વરસે સતત બીજી વાર ડો.વસંતકુમાર અમૃતલાલ અભાણી પરિવાર ઊનાના યજમાન પદે શિવ મહાપુરાણ જ્ઞાન યજ્ઞ સનાતન આશ્રમ અને ગોશાળાના લાભાર્થે તા.૫/૯/૨૦૨૩ને મંગળવારે પ્રારંભ કરવામાં આવશે. કથાનું રસપાન કથા વકતા કાળુબાપુ ગૌસ્વામી (અમદાવાદ)વાળા બિરાજી સરળ અને સંગીત મય શૈલીમાં સવારે અને બપોરે બે સમય કથાનું રસ પાન કરાવશે. કથાનો વિરામ તા.૧૩/૯/૨૦૨૩ને બુધવારે કરાશે કથાના દિવસો દરમ્યાન ભોજન મહા પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ ભકતોને પધારવા નિમંત્રણ આપવામાં આવેલ છે. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી કેદારેશ્વર મહાદેવ યુવક મંડળ અને સનાતન આશ્રમના સેવક ગણ જહેમત ઉઠાવી રહ્યા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# દેશમાં વધી રહેલી બાળ તસ્કરીની સમસ્યા

કોઈ દેશ માટે તેનાં બાળકો તેની સૌથી મોટી પૂંજી હોય છે. બાળકો જ દેશનું ભવિષ્ય નક્કી કરે છે. તેથી તેમનું સંરક્ષણ રાષ્ટ્ર માટે સર્વોપરિ હોવું જોઈએ. આજે જ્યારે અમૃતકાળમાં આપણે ૭૭મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યા છીએ તો ભાવિ પેઢીના વિષયમાં ગંભીરતાથી વિચારવું બહુ જરૂરી છે. એ કોઈથી છૂપું નથી કે દેશની આ નવી પેઢી સમક્ષ બાળ તસ્કરી બહુ મોટી સમસ્યા બનીનેઊભી છે. તેમાં ફસાયેલ બાળક પોતાનું બાળપણ, ક્ષમતા અને માનવીય ગરિમાની સાથે સાથે શારીરિક અને માનસિક વિકાસથી પણ વંચિત રહી જાયછે. બાળપણ જીવનની સૌથી સુંદર અવસ્થા છે. બાળ તસ્કરીનો શિકાર બાળક જીવનભર તેની શોધમાં રહે છે. બાળકોને ઘરેલુ કામ, વિભિન્ન ક્ષેત્રોમાં બાળશ્રમ, ભીખ માગવી, અંગ તસ્કરી અને દેહ વ્યાપાર જેવી ગેરકાયદે ગતિવિધિઓ બાળ તસ્કરીની કૂખે જ જન્મ લે છે.

ગત દિવસોમાં ભારતમાં બાળ તસ્કરી પર એક રિપોર્ટ પ્રકાશિત થયો છે. આ રિપોર્ટ ૨૦૧૬ થી ૨૦૨૨ વચ્ચે ૨૧ રાજ્યો અને ૨૬૨ જિલ્લામાં બાળ તસ્કરીના આંકડા પર આધારિત છે. તે અનુસાર દેશમાં બાળકોની તસ્કરી મામલે ઉત્તર પ્રદેશ પહેલા, બિહાર અને આંધ્રપ્રદેશ અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાન પર રહ્યા છે. જિલ્લાની બાળ તસ્કરીના આંકડામાં જયપુર પહેલા સ્થાને રહ્યું છે. યાદીમાં અન્ય ચાર શીર્ષ જિલ્લા દેશની રાજધાની દિલ્હીમાં છે. હોટલ અને ઢાબા પર ૧૫.૬ ટકા, પરિવહન ઉદ્યોગમાં ૧૩ ટકા અને કપડા ઉદ્યોગમાં ૧૧.૧૮ ટકા બાળકો મજૂરી કરતા જોવા મળ્યા. કોસ્મેટિક ઉદ્યોગમાં પાંચથી આઠ વર્ષના બાળકો બાળ મજૂરીમાં જોવા મળ્યા. જોકે રિપોર્ટ એ પણ દર્શાવે છે કે દેશમાં બાળ તસ્કરી પ્રત્યે જાગૃતિને કારણે આજે અનેક કેસો નોંધાઈ રહ્યા છે. એનું જ પરિણામ છે કે આ અવધિમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ૧૩,૫૪૯ સગીર બાળકોને એનાથી બચાવવામાં પણ આવ્યા છે. અહીં છોકરીઓ અને મહિલાઓ ગાયબ થવાના રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરોના રિપોર્ટનો પણ ઉલ્લેખ જરૂરી છે. આંકડા દર્શાવે છે કે ૨૦૧૯થી ૨૦૨૧ વચ્ચે ત્રણ વર્ષમાં દેશમાં ૧૩.૧૩ લાખથી વધારે છોકરીઓ-મહિલાઓ લાપતા થઈ. તેમાંથી મોટાભાગની છોકરીઓ મધ્ય પ્રદેશ અને બંગાળથી ગાયબ થઈ.

બાળ તસ્કરી અને ગુમ બાળકો સંબંધિત આ બંને રિપોર્ટ એ બિંદુ પર સહમત છે કે ભારતમાં દર આઠ મિનિટે એક બાળક લાપતા થઈ જાય છે. તેમાંથી મોટાભાગની તસ્કરી કરવામાં આવી હોય છે, જેમને અંતે જબરદસ્તી શ્રમ, ગુલામી અને દેહ વ્યાપારમાં ધકેલી દેવાય છે. બાળ તસ્કરી સાથે જોડાયેલા કારણોની તપાસ કરવાથી જ્ઞાત થાય છે કે ગરીબી સાથે સાથે ભૂખમરો, અશિક્ષણ, બેરોજગારી તથા આર્થિક રૂપે કમજોર પરિવારને ભરણપોષણ માટે આર્થિક સહારાની જરૂર જેવા કારણો બાળકોને ઘરેથી બહાર નીકળવા માટે મજબૂર કરે છે. ગરીબીથી બહાર નીકળવા અથવા દેવું ચૂકવવા માટે પણ કેટલાક માતાપિતા પોતાના બાળકોને તસ્કરોને હવાલે કરી દે છે. સમાજમાં વંચિત સમુદાય બાળ તસ્કરીની દૃષ્ટિએ સૌથી અસુરિક્ષત-સંવેદનશીલ સમુદાય છે. આ સમુદાયોના બાળકોના વાલીઓને તેમની ખરાબ આર્થિકસ્થિતિને કારણે કાં તો ગુમરાહ કરવામાં આવે છે અથવા તેમની બહેતર આજીવિકાના વિકલ્પ રૂપે પોતાના બાળકોને બહાર મોકલવા અથવા તેમને વેચી દેવા માટે મજબૂર કરવામાં આવે છે. આ રીતે તેમના બાળકોને મોટા શહેરોમાં લઈ જઈને તેમની સાથે હંમેશાં વસ્તુ રૂપે વ્યવહાર કરવામાં આવે છે. આંકડા દર્શાવે છે કે ભારતમાં અનુમાનિત ત્રણ લાખ ભિખારી સડકો પર છે. તેમાં લગભગ ૫૦ હજાર બાળકો તસ્કર ટોળકીની ચુંગાલમાં ફસાઈ જાય છે. રેડ લાઈટ વિસ્તારોમાં દેહ વ્યાપાર માટે ૨૦ લાખથી વધુ મહિલાઓ અને બાળકોની તસ્કરી કરવામાં આવે છે.

એ સાચું છે કે બાળ તસ્કરી અનેક બુરાઈઓનું સંકુલ છે, પરંતુ તેની રોકથામ માટે અનેક કાનૂની જોગવાઈઓ પણ કરવામાં આવી છે. બંધારણનો અનુચ્છેદ-૨૩ સ્પષ્ટ રૂપે માનવ તસ્કરી પર પ્રતિબંધ લગાવે છે. એની સાથે જ અનૈતિક વેપાર રોકથામ અધિનિયમ-૧૯૮૬, બાળ વિવાહ નિષેધ અધિનિયમ-૨૦૦૬, બાલ શ્રમ નિષેધ (સંશોધન) અધિનિયમ-૨૦૧૬, બંધુઆ મજદૂરી પ્રણાલી (ઉન્મૂલન) અધિનિયમ-૧૯૭૬, કિશોર ન્યાય અધિનિયમ (બાળકોની દેખભાળ અને સંરક્ષણ)-૨૦૧૫, યૌન અપરાધોથી બાળકોનું સંરક્ષણ અધિનિયમ-૨૦૧૨ (પોક્સો) મુખ્ય છે. કાયદામાં એક સગીરની તસ્કરી માટે આજીવન કારાવાસ અને દંડની પણ જોગવાઈ છે, પરંતુ સત્ય એ છે કે નોંધવામાં આવેલ કેસોમાંથી ૧૦ ટકાથી ઓછા કેસોમાં સજા થઈ શકે છે. એ જ કારણ છે કે કાયદાની શિથિલતા અને કેસો યોગ્ય રીતે નહિ લડાતા હોવાને કારણે તસ્કરીને બળ મળે છે. બાળ તસ્કરીમાં સૌથી વધુ બાળકોનું બાળપણ ઘાયલ થાય છે. સાથે જ બાળકો અનેક પ્રકારની વંચનાઓનો શિકાર થઈને પ્રતિક્રિયાવાદી પણ બને છે. અહીંથી તેમના મન-મસ્તિષ્કમાં પરિવાર અને સમાજથી બદલો લેવાની ભાવના પણ ઘર કરી જાય છે. જઘન્ય અને ઘૃણિત અપરાધોમાં સગીર બાળકો સામેલ થવા પાછળ બદલાનું આ મનોવિજ્ઞાન કામ કરે છે.

બાળ તસ્કરી સાથે જોડાયેલી આ બુરાઈના ઉન્મૂલન માટે માતાપિતાના સહયોગ અનિવાર્ય છે. તેનાથી જોડાયેલા કાયદા પણ ત્યાં સુધી કામ કરે છે જ્યાં તેને વાદીનો સહયોગ પ્રાપ્ત હોય, પરંતુ જ્યાં વાદી ખુદ જ પ્રતિવાદી બની જાય ત્યાં કાયદા નિષ્ક્રિય થઈ જાય છે અને તસ્કરી જેવી બુરાઈને બળ મળે છે. હવે એ જવાબદારી સમાજ અને બાળ હિત સાથે જોડાયેલી સંસ્થાઓની છે કે તેઓ પરસ્પર સહયોગ સાથે આ બાળ તસ્કરીને સમૂળી નષ્ટ કરવામાં પોતાની પ્રતિબદ્ધતા દોહરાવે અને બાળ તસ્કરીથી ગ્રસ્ત બાળકોના પુનર્વસનમાં પોતાનું સહયોગ પ્રદાન કરે.

## વિશ્વ નાળિયેર દિવસ – ૨ સપ્ટેમ્બર

# ગુજરાતની નાળિયેર ઉત્પાદનમાં આગેકૂચ : દાયકામાં વાવેતર વિસ્તારમાં અંદાજે ૪,૫૦૦ હેક્ટરની વૃદ્ધિ



ભારતમાં સૌથી વધુ લાંબો દરિયાકાંઠો ધરાવતું ગુજરાત નાળિયેર ઉત્પાદનમાં આગેકૂચ કરી રહ્યું છે. કૃષિ વિભાગમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા દાયકામાં ગુજરાતમાં નાળિયેરીના વાવેતર વિસ્તારમાં ૪,૫૫૨ હેક્ટરની વૃદ્ધિ નોંધાઈ છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૨-૧૩માં નાળિયેરનો વાવેતર વિસ્તાર ૨૧, ૧૨૦હેક્ટર હતો, જે વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને ૨૫,૬૭૨ હેક્ટરે પહોંચ્યો છે. ગુજરાતમાં નાળિયેર ઉત્પાદન અંગેની વિગતો આપતા રાજ્યના બાગાયત નિયામક શ્રી પી.એમ.વઘાસિયા કહે છે કે રાજ્યમાં નાળિયેરનો વાવેતર વિસ્તાર ૨૫ હજાર હેક્ટરે પહોંચ્યો છે. જ્યારે તેનું ઉત્પાદન ૨૧. ૪૨ કરોડ નટ્સ(પાકા નાળિયેર) જેટલું છે. તેઓ ઉમેરે છે કે, ગુજરાતમાં નાળિયેરનું ઉત્પાદન મુખ્યત્વે ગીર-સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, કચ્છ, નવસારી અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં થાય છે.

નાળિયેરના પ્રકાર અને ઉપયોગ

નાળિયેરના પાક અંગે પ્રકાશ પાડતા સંયુક્ત બાગાયત નિયામક શ્રી બિપિનભાઈ રાઠોડ કહે છે : "રાજ્યમાં ઉત્પાદન થતા કુલ નાળિયેરમાંથી ૨૦ ટકા નાળિયેરનું ત્રોફા તરીકે, જ્યારે ૪૨ ટકા નાળિયેરનું પાકા નાળિયેર(નટ્સ) તરીકે ઉત્પાદન થાય છે. ૫ ટકા ખેડૂતો પોતાના માટે અને બીજ તરીકે નાળિયેરનું ઉત્પાદન કરે છે." શ્રી રાઠોડના મત મુજબ ગુજરાતમાંથી ૩૩ ટકા નાળિયેર દિલ્હી, પંજાબ, હરિયાણા અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં નિકાસ થાય છે. ઉલ્લેખનીય છે કે નાળિયેર આમ તો બારેમાસ મળે છે. પરંતુ ઉનાળામાં (માર્ચથી જૂન) સુધી નાળિયેરની માંગમાં વૃદ્ધિ થાય છે. નોંધપાત્ર બાબત એ છે કે કૃષિ અર્થતંત્રમાં નાળિયેરના મહત્વને રેખાંકિત કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે "ગુજરાત નાળિયેર વિકાસ કાર્યક્રમ" અમલી બનાવ્યો છે. જેના માટે બજેટમાં રૂ. ૪૦૩.૩૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકારનું આ પગલું નાળિયેરની ખેતીમાં એક મહત્વપૂર્ણ કદમ બની રહેશે.

નાળિયેરનું ઉત્પાદન અને મૂલ્યવૃદ્ધિ

ભારતીય સંસ્કૃતિમાં નાળિયેરને શ્રીફળનો દરજ્જો પ્રાપ્ત થયેલો છે. ખરેખર તો આ કલ્પવૃક્ષ સમાન ફળ મનુષ્યના સ્વાસ્થ્ય વર્ધનમાં અનેક રીતે આશિર્વાદરૂપ બને છે. અને એટલે જ તે માત્ર શક્તિવર્ધક પીણું કે શુભ પ્રસંગોમાં પ્રસાદ નથી બની રહ્યું. તેની સતત મૂલ્ય-વૃદ્ધિ થઈ રહી છે. નાળિયેરની મૂલ્યવૃદ્ધિ કરી તેમાંથી તેલ, વર્જિન કોકોનટ ઓઈલ, નાળિયેરનું દૂધ, કોકોનટ કુકી, કોકોનટ બરફી, વિનેગર, ફ્લેક્સ, ચિપ્સ, ઓઈલ કેક અને નીરા વગેરે બનાવી શકાય છે. નાળિયેરના તેલનો ઉપયોગ ખાદ્ય તેલ ઉપરાંત ટોયલેટરી અને અન્ય ઉદ્યોગોમા પણ થાય છે. નાળિયેરના દૂધનો ઉપયોગ એલર્જી માટેના ઔષધોમાં પણ થાય છે. દરેક જૂથ માટે ઉપયોગી એવા નાળિયેરના દૂધનો ઉપયોગ નવજાત શિશુને પીવડાવવામાં વિશેષ રીતે કરવામાં આવે છે. નાળિયેરનું દૂધ ડાયાબિટિસ, સ્થૂળતા, પિત્તાશયના રોગ, સ્વાદુપિંડનો સોજામાં ઉપયોગી છે. રાજ્યમાં નાળિયેરીનું ઉત્પાદન વધતા પ્રોસેસિંગ થકી તેનું મૂલ્યવર્ધન કરી નાળિયેર પાણીનાં ટેટ્રાપૅક/બૉટલ, નાળિયેર મિલ્ક પાવડર, નાળિયેર તેલ, નીરો, કોયર જેવા અનેક ઉત્પાદનો માટેની પણ વિપુલ સંભાવના રહેલી છે.

નાળિયેર ઉત્પાદન અને ખેડૂતો

રાજ્યમાં વધુમાં વધુ ખેડૂતો નાળિયેરની ખેતી તરફ વળે તે માટે ખેડૂતોને રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી વિવિધ પ્રોત્સાહન આપવામાં આવે છે. દા.ત. ગુજરાત નાળિયેર વિકાસ કાર્યક્રમ હેઠળ નાળીયેરી ખેડૂતને વાવેતર માટે ખર્ચના ૭૫% મુજબ મહત્તમ રૂ.૩૭,૫૦૦/- પ્રતિ હેકટરની મર્યાદામાં સહાય તરીકે આપવામાં આવે છે. આ સહાય બે હપ્તામાં (૭૫:૨૫) ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત નાળીયેરીમાં સંકલિત પોષણ અને જીવાત વ્યવસ્થાપન માટે ખર્ચના ૫૦% મુજબ મહત્તમ રૂ.૫૦૦૦/- પ્રતિ હેકટરે સહાયપેટે આપવામાં આવે છે. રાજ્ય પ્લાન યોજના અંતર્ગત નાળિયેરીના પ્લાન્ટીંગ મટીરીયલ્સ માટે ખર્ચના મહતમ ૯૦% મુજબ રૂ.૧૩૦૦૦ પ્રતિ હેકટરે સહાય તરીકે ચૂકવાય છે.

નાળિયેરની ઉત્પાદન વૃદ્ધિ માટે કેન્દ્રના પ્રયાસો

કેન્દ્ર સરકારે નાળિયેરની ખેતી અને તેના સંલગ્ન ક્ષેત્રના વિકાસ માટે નાળિયેર વિકાસ બોર્ડ ( ઝ્ર્‌ર્ઙ્મહેં ઙ્ઘીદ્બીઙ્મર્ૈંદ્બીહં મ્ર્ટ્ઠિ)ની રચના કરી છે. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૨થી જૂનાગઢ ખાતે તેની પ્રાદેશિક કચેરી પણ કાર્યરત છે. આ કચેરી આ ક્ષેત્રમાં શરુ થતાં નાળિયેરની ખેતી તરફ આકર્ષણ વધ્યું છે. આ અંગેની વિગતો આપતા કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડના ઈન્ચાર્જ શ્રી અજય કુમારે જણાવ્યું કે, કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડના પ્રયાસોને પગલે નાળિયેરના વાવેતર વિસ્તારમાં ૧,૭૦૮ હેક્ટરની વૃદ્ધિ થઈ છે. તેઓ ઉમેરે છે કે ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં નાળિયેરના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે વર્ષ ૨૦૧૭થી આજ દિન સુધી રૂ. ૪૪૪.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. નાળિયેરની ખેતીમાં ઉત્પાદકતા-વૃદ્ધિ પણ મહત્વનું પરિબળ છે. માટે જ કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા ઈન્ટિગ્રેટેડ પ્રોડક્ટીવીટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ હેઠળ રૂ. ૩૭૭ લાખના ખર્ચે ૨,૨૯૫ હેક્ટરમાં નવા ડેમોસ્ટ્રેશન પ્લોટ વિકસિત કરવામાં આવ્યા છે.આ ઉપરાંત બોર્ડ દ્વારા રૂ. ૫.૪૧લાખના ખર્ચે ૧૦ ઓર્ગેનિક ખાતર એકમ પણ શરુ કરવામાં આવ્યા છે. નાળિયેર ઉત્પાદનવૃદ્ધિ માટે સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ "ફ્રેન્ડઝ ઓફ કોકોનટ ટ્રી" ટ્રેઈનિંગ આપવામાં આવી છે. ૯૮ લાખના ખર્ચે અપાયેલી આ તાલીમમાં ૨ બેચમાં ૪૫ તાલીમાર્થીઓએ તાલીમ લીધી. આ ઉપરાંત કોકોનટ હેન્ડિક્રાફ્ટ ટ્રેઈનિંગ પ્રોગ્રામમાં રૂ. ૨.૦૫ લાખના ખર્ચે ૩ બેચમાં ૪૫ લોકોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા.કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડની વિવિધ યોજનાઓનો લાભ ૪,૦૦૦થી વધુ લાભાર્થીઓને મળ્યો છે. આમ, નાળિયેર એ સાચા અર્થમાં ગુજરાતના અર્થતંત્ર માટે શ્રીફળ એટલે કે શુભ ફળ બની રહ્યું છે.

# ડાકોરમાં દરેક સિનિયર સિટીજન ફ્રીમાં સન્મુખ દર્શન કરી શકશે

ખેડા,તા ૨

ડાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા ભગવાનના સન્મુખ દર્શન કરવા માટે રૂપિયા લેવાની જાહેરાત વચ્ચે મંદિર ટ્રસ્ટે આ અંગે સ્પષ્ટતા કરતા કહ્યું કે, આ નિયમમાં કેટલાક લોકોને છુટછાટ મળશે. ગર્ભવતિ મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો, શારીરિક અશક્ત અને દિવ્યાંગો મંદિરે દર્શન માટે જશે તો તેમને એકપણ રૂપિયા લીધા વગર સન્મુખ દર્શનનો લાભ આપવામાં આવશે.

ખેડાઃ ખેડા જિલ્લાના જગપ્રસિદ્ધ ડાકોરના રણછોડરાય મંદિરમાં VIP દર્શન મુદ્દે મોટા સમાચાર સામે આવ્યા છે. મંદિર ટ્રસ્ટે આપેલી જાણકારી પ્રમાણે ગુરુવારથી ડાકોરમાં દરેક સિનિયર સિટીજન ફ્રીમાં સન્મુખ દર્શન કરી શકશે. આ સાથે ગર્ભવતી મહિલાઓ અને તમામ દિવ્યાંગોને સન્મુખ દર્શનનો નિઃશુલ્ક લાભ મળશે. આ ઉપરાંત ડાકોર અને ઠાસરાના તમામ સ્થાનિકોને પણ ભગવાનનાં સન્મુખ દર્શનનો લાભ આપવાનો નિર્ણય લેવાયો છે. જેઓ રજિસ્ટ્રેશન કરાવી ભગવાનના સન્મુખ દર્શનનો લાભ લઈ શકે છે. ભગવાન રણછોડરાય મંદિર ટ્રસ્ટ દ્વારા આ જાહેરાતથી વિવાદોનો અંત આવ્યો છે. (અ) તમામ વરિષ્ઠ નાગરિક (સીનિયર સીટીઝન) (શારીરિક રીતે અનફીટ)

(બ) શારીરિક અશક્ત તથા દિવ્યાંગો

(ક) ગર્ભવતી માતા - બહેનો

(ડ) ડાકોર-ઠાસરા ઉમરેઠ વિસ્તારના ભાવિક ભક્તો

વિવાદનો અંત! ખેડાના ડાકોર મંદિરમાં VIP દર્શન (સન્મુખ દર્શન)તો મોટી ખબર એ છે કે આ ૪ શ્રેણીમાં આવતા લોકોને ભગવાનનાં સન્મુખ દર્શન કરવા માટે એક પણ રૂપિયો ખર્ચ કરવો નહીં પડે. પરંતુ બાકીના લોકો માટે ૫૦૦ રૂપિયા અને ૨૫૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. જે ૪ શ્રેણીમાં છૂટ આપી છે તે સિવાયના પુરુષોને ૫૦૦ રૂપિયામાં તો મહિલાઓને ૨૫૦ રૂપિયામાં સન્મુખ દર્શનનો લાભ મળશે. મંદિર ટ્રસ્ટે જાહેરાત કરી છે કે ભક્તોની સુવિધા માટે શરૂ કરવામાં આવેલી આ વ્યવસ્થા હેઠળ જે પણ રકમ એકત્રિત થશે તે ભક્તોની સુવિધા માટે વપરાશે. ડાકોરમાં સન્મુખ દર્શન માટે રૂ.૫૦૦ અને રૂ. ૨૫૦ નક્કી કરવામાં આવતાં ભક્તો-સેવકો નારાજ જોવા મળ્યા છે. હિન્દુ સંગઠનના યુવાનો અને ઠાસરા તાલુકાના સરપંચ એસોસિએશનના સરપંચો મંદિરમાં વિરોધ પ્રકટ કરવા પહોંચ્યા હતાં. તેઓએ 'ભગવાન તો પ્રેમના ભૂખ્યા તમે પૈસાના ભૂખ્યા' ના નારા સાથે ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો. ઉગ્ર વિરોધ સાથે મંદિરના મેનેજરને આવેદન પત્ર આપવામાં આવ્યું. સાથે જ આવેદનમાં શનિવારે સાંજે છ વાગ્યા સુધીમાં નિર્ણય પાછો નહીં ખેંચાય તો ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી હતી. એસોસિયેશનના સરપંચો અને યુવાનો દ્વારા આ નિર્ણયને મનસ્વી નિર્ણય ગણાવવામાં આવ્યો હતો. તો બીજી તરફ, ડાકોરમાં vip દર્શનને લઈને હોબાળો થયો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જ્યારે જ્યારે જે થવાનું છે ત્યારે ત્યારે તે થયા જ કરે છે.

- ભગવાનશ્રી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ વદ-૩ પંચક, અશ્વત્થ મારૂતિ પૂજન તા.૨ સપ્ટેમ્બર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૧૬, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, શૂળ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૩૪, સૂ.અ.૭:૦૭

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મનમાં વ્યર્થ ચિંતા રહે. જીવનસાથી સાથે વાણીઘર્ષણ થાય.
વૃષભ: વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.
મિથુન: મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.
કર્ક: કાર્યબોજ વિશેષ રહે. રોકાયેલા નાણાં છૂટા થાય.
સિંહ: મનમાં અશાંતિ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.
કન્યા: અપેક્ષાઓ ફળતી લાગે. પ્રિયજનથી લાભ થાય.
તુલા: માનસિક શાંતિ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ શકાય.
વૃશ્ચિક: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિક્ષેપ પડે. મનની મુરાદ બર ન આવે.
ધન: શારીરિક કષ્ટ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ શકાય.
મકર: પારિવારીક જીવનમાં આનંદ રહે. વ્યવસાયિક કાર્યોમાં સફળતા મળે.
કુંભ: નવા આર્થિક આયોજનો પાર પાડી શકશો. લાભની તક સાંપડે.
મીન: સંતાનો અંગે ચિંતા રહે. વ્યર્થ ખર્ચ થાય.

## શ્રાવણ સત્સંગ

# શિવજીએ વર્ણવેલ રૂદ્રાક્ષ મહિમા



એક વખત શિવજી અને પાર્વતીજી પ્રસન્ન મુદ્રામાં બેઠા હતા. ત્યારે અચાનક જ પાર્વતીજીએ શિવજીને પુછ્યુ, 'આપને રૂદ્રાક્ષ અત્યંત પ્રિય છે તેનો મહિમા મને જણાવો ને...'

આ પ્રકારે જ્યારે માતા પાર્વતીએ શિવજીનો પ્રશ્ન કર્યો ત્યારે શિવજીએ પ્રસન્ન થઈ કહ્યું, આજે તમારા પ્રશ્નના જવાબમાં હું રૂદ્રાક્ષની મહિમાનું વર્ણન કરું છું. પૂર્વકાળમાં મેં સંયમપૂર્વક ઉગ્ર તપ કર્યુ. આ ઉગ્ર તપ દરમ્યાન એક વખત મારું મન અચાનક જ ક્ષુબ્ધ થઈ ગયું. મારી આંખો અચાનક જ ખુલી ગઈ. જ્યાં જોંઉ ત્યાં આંખમાંથી અશ્રૃબિંદુના ટીંપા વહેલા લાગ્યા. જ્યાં તે ટીંપા પડ્યા ત્યાં રૂદ્રાક્ષ નામનું વૃક્ષ ઉગી નિકળ્યું. ભક્તોના કલ્યાણાર્થે આ અશ્રૃબિંદુ સ્થાવર રૂપમાં પ્રગટ થતાં તે વૃક્ષના ફળ વિષ્ણુ ભક્તો સહિતના ચારેય વર્ણના લોકોમાં આપી દીધા.

ભુતલ પર મેં મને અત્યંત પ્રિય થયેલા આ રૂદ્રાક્ષના ફળો ગૌડ દેશમાં વાવી દીધા. મથુરા, અયોધ્યા, લંકા, મલયાચલ, સહ્યગીરી, કાશી તથા અન્ય દેશોમાં પણ મેં તે વાવી દીધા.

આ ઉત્તમ એવા રૂદ્રાક્ષ અસહ્ય પાપ સમુદ નુ ભેદન કરનાર, શ્રૃતિયોના પ્રેરક છે. આ રૂદ્રાક્ષમાં શ્વેત રક્ત, પીત અને કૃષ્ણ એમ ચાર રંગના રૂદ્રાક્ષના ફળ થાય છે. જે મનુષ્ય ને ભોગ અને મોક્ષની ઈચ્છા રાખનારા મનુષ્યો એ રૂદ્રાક્ષ ધારણ અવશ્ય કરવા જોઈએ. મારા કે તમારા ભક્તો એ આ રૂદ્રાક્ષના ફળોને અવશ્ય ધારણ કરવા જ જોઈએ. તે ધારણ કરનારા ભક્તો તમને અને મને અત્યંત પ્રિય બની રહે છે.

આંબળાના ફળ જેવડા રૂદ્રાક્ષના ફળ અત્યંત શ્રેષ્ઠ ગણાય. જે બોરના કદના રૂદ્રાક્ષના ફળ હોય તે મધ્યમ ગણાય છે. જે ચણાના કદના રૂદ્રાક્ષના ફળ હોય તેને નિમ્ન ગણવા. જે રૂદ્રાક્ષના ફળ બોર જેવડા કદના હોય તે સુખ અને સૌભાગ્યની વૃધ્ધિ કરનાર હોય છે. જે રૂદ્રાક્ષ આંમળાના ફળ જેવડા કદના હોય છે તે સમસ્ત અનિષ્ઠનો વિનાશ કરનાર હોય છે. જે ચણોડીના જેવડા કદના હોય છે તે મનના મનોરથ પરિપુર્ણ કરનાર હોય છે. રૂદ્રાક્ષનું ફળ જેમ જેમ નાનુ તેમ તેમ તેનું ફળ વધારેમાં વધારે પ્રાપ્ત થાય છે. નાના રૂદ્રાક્ષના ફળ મોટા રૂદ્રાક્ષના ફળ કરતા વિશેષ લાભપ્રદ ગણાવી શકાય. રૂદ્રાક્ષ ધારણ કરવાથી પાપોનો નાશ થાય છે. અન્ય માળા ધારણ કરવાની સરખામણીએ રૂદ્રાક્ષની માળા ધારણ કરવાથી બહુવિધ ફળની પ્રાપ્તિ થાય છે.

આ રૂદ્રાક્ષના ફળ ખંડિત ન હોતા અખંડ હેવા જોઈએ. સમાન આકાર વાળા, ચિકણા, મજબુત, સુંદર રૂદ્રાક્ષના ફળ પૂર્ણ લાભની પ્રાપ્તિ કરાવે છે. જ્યારે તુટેલા, જીવ- જંતુએ નુકશાન પહોંચાડેલા, ઘાટ વગરના, વ્રણ યુક્ત, અને જેમાં દાણા ન હોય તેવા આ પાંચ પ્રકારના રૂદ્રાક્ષ ધારણ કરવાનું ટાળવું જોઈએ.

જે રૂદ્રાક્ષમાં દોરો પોરવવા માટે સ્વયંમ છેદ હોય તે ઉત્તમ તથા મનુષ્ય દ્વારા છેદ કરવામાં આવે તે રૂદ્રાક્ષના ફળને મધ્યમ માનવા જોઈએ. રૂદ્રાક્ષના ફળના વિવિધ ભેદ છે. એક મુખી રૂદ્રાક્ષ સાક્ષાત મારું સ્વરૂપ છે. તે ધારણ કરવાથી ભોગ અને મોક્ષ ની પ્રાપ્તિ થાય છે. આ ફળની જ્યાં પુજા થાય છે ત્યાંથી કદાપ લક્ષ્મી દુર નથી જતી. તે તમામ પ્રકારના ઉપદ્રવોને દુર કરનાર છે. બે મુખી રૂદ્રાક્ષ દેવ-દેવેશ્વર તરીકે ઓળખાય છે. તેમ તમામ મનોકામના પરિપૂર્ણ કરનાર અને ઉત્તમ ફળ આપનાર છે. ત્રણ મુખ્ય વાળા રૂદ્રાક્ષનું ફળ સાઘન-સાઘનાનું ઉત્તમ ફળ આપનાર છે તેના પ્રભાવથી બધી જ વિદ્યા પ્રાપ્ત થાય છે. ચાર મુખ વાળુ રૂદ્રાક્ષનું ફળ સાક્ષાત બ્રહ્મા સ્વરૂપ છે. તેના દર્શન-સ્પર્શ કે ધારણ કરવાથી જીવનના ચાર પુરૂષાર્થ ધર્મ, અર્થ, કા અને મોક્ષ પ્રાપ્ત કરાવનાર છે. પાંચ મુખ વાળા રૂદ્રાક્ષનું ફળ કાલાગ્નિ રૂપ છે. તે બધુ જ આપવા સમર્થ છે તે મુક્તિ અપાવનાર, મનોવાંચ્છિત ફળ અપાવનાર અને સમસ્ત પાપોને દુર કરનાર છે.

છ મુખ વાળા રૂદ્રાક્ષનું ફળ અનંગ સ્વરૂપ અને અનંગ નામથી પ્રસિધ્ધ છે. જેને ધારણ કરવાથી દારિદ્રયતા નો નાશ થાય છે અને ઐશ્વર્યની અભિવૃધ્ધિ થાય છે. આઠ મુખ વાળા રૂદ્રાક્ષનું ફળ અષ્યમૂર્તિ ભૈરવ સ્વરૂપ છે. તેનો ધારણ કરવાથી મનુષ્ય દિર્ધ આયુષ્ય અને મૃત્યુ બાદ શિવલોક પ્રાપ્ત કરનાર થાય છે.

નવ મુખ વાળો રૂદ્રાક્ષ ભૈરવ તથા કપિલમુનિનું પ્રતિક માનવા ઉપરાંત નવ રૂપ ધારણ કરનાર મહેશ્વરી દુર્ગા નું પ્રતિક ગણાય છે. જે મનુષ્ય ભક્તિ પારાયણ હોય તેમણે ડાબા હાથમાં નવમુખ વાળો રૂદ્રાક્ષ ધારણ કરવો જોઈએ. દશ મુખ વાળા રૂદ્રાક્ષને સાક્ષાત વિષ્ણુ સ્વરૂપ જાણવું. તેનો ધારણ કરવાથી મનુષ્યની સર્વ મનોકામના પરિપૂર્ણ થાય છે.

અગિયાર મુખ વાળુ રૂદ્રાક્ષ રૂદ્રસ્વરૂપ છે. તેને ધારણ કરવા વાળા મનુષ્યનો સર્વત્ર વિજય થાય છે.બાર મુખ વાળો રૂદ્રાક્ષ સુર્ય સ્વરૂપ છે. તેને મસ્તકમાં ધારણ કરવાથી તે સર્વ શક્તિમાન થાય છે.

તેર મુખ વાળા રૂદ્રાક્ષનું ફળ વિશ્વ દેવો સ્વરૂપ છે. તેને ધારણ કરનાર તે મંગલ લાભ અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. ચૌદ મુખવાળુ રૂદ્રાક્ષનું ફળ પરમ શિવ સ્વરૂપ છે તેને મસ્તક પર ધારણ કરવાથી સમસ્ત પાપોનો ક્ષય થાય છે.

આમ વિવિધ મુખ વાળા રૂદ્રાક્ષના ફળોનું વર્ણન કર્યા બાદ શિવજી પાર્વતીજીને કહે છે કે, આ રૂદ્રાક્ષની માળાને શ્રધ્ધા-ભક્તિ સાથે વિધિ વત ધારણ કરવી જોઈએ. તેને ધારણ કરનારા પર હું, વિષ્ણુ, દુર્ગા, ગણેશ, સુર્ય સહિત તમામ દેવો પ્રસન્ન થઈએ છીએ. ભુત, પ્રેત, પિશાચ, ડાકિની, શાકીની સહિતના દ્રોહકારી તત્વો તેનાથી દુર ભાગે છે. માટે રૂદ્રાક્ષ અવશ્ય ધારણ કરવો જોઈએ.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**દેવેન કનકચંદ્ર વ્યાસ**

# વાહન અકસ્માતમાં મરણ પામનાર શિક્ષકનાં પરિવારને રૂા.૯૦ લાખ નું વળતર ચૂકવવા માટે હાઈકોર્ટનો આદેશ

અમદાવાદ, તા.ર

વાહન અકસ્માત બાબતે થયેલા દાવાના એક મહત્વના કેસમાં ખેડા જિલ્લાની એક સરકારી શાળામાં ફરજ બજાવતાં એક વિદ્યાસહાયકના અકસ્માતમાં થયેલા મરણનાં કિસ્સામાં ગુજરાત હાઈકોર્ટે વળતરમાં રૂા.૯૦.૬૩ લાખ આપતો મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો.



આ ર૭ વર્ષના આશાસ્પદ શિક્ષકના મરણના કેસમાં મહેસાણાની મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રિબ્યુનલે તેના આશ્રિતોને રૂા.૯ લાખના વળતર અંગેના એવોર્ડને બદલે ગુજરાત હાઈકોર્ટે રૂા.૯૦.૬૩ લાખની રકમ ૭.૫ ટકાના વ્યાજ સાથે પંદર સપ્તાહમાં ચૂકવી આપવા ઈફકો ટોકયો જનરલ ઈન્શ્યોરન્સ વીમા કંપનીને હુકમ કર્યો હતો. આમ હાઈકોર્ટે દ્વારા વળતરમાં દસ ગણો વધારો કરાયો હતો. કેસની વિગતો મુજબ ગત તા.૧૦-૩-ર૦૦૬ના રોજ ખોડા ખાતેની વિનય વિદ્યાલય મંદિર સેકન્ડરી સ્કૂલના આસિસ્ટન્ટ ટીચર પોતાની મોટરસાયકલ ઉપર ગુંજા ગામેથી નોકરી ઉપર જઈ રહ્યા હતા ત્યારે એક જીપના ડ્રાઈવરે ટક્કર મારતાં શિક્ષકને માથામાં ગંભીર ઈજાઓ થતાં મોત નીપજયું હતું. આ બાબતે મોટર એકિસડન્ટ કલેમ ટ્રિબ્યુનલમાં મામલો પહોંચ્યો હતો પરંતુ ત્યાં પૂરતું વળતર નહિ મળતા મામલો હાઈકોર્ટે પહોંચ્યો હતો. મૃતકના પરિવારજનો તરફથી જણાવ્યું હતું કે, આ શિક્ષક પ્રોબેશન પીરિયડ ઉપર હતા અને પાંચ વર્ષ પૂર્ણ કર્યેથી રેગ્યુલર પે સ્કેલમાં સમાવેશ પામવાના હતા. એટલું જ નહીં, તેમને ભવિષ્યમાં છઠ્ઠા પગારપંચના લાભો પણ મળવાપાત્ર થાત અને તેમનો પગાર રૂા.૪૫,૮૫૯ સુધી થયો હોત. તેથી તેમની ભવિષ્યની આવક, મળવાપાત્ર લાભો સહિતના પાસાઓ ધ્યાનમાં લઈનેયોગ્ય કલેઈમ મંજૂર કરવા મોટર એકિસડેન્ટ કલેઈમ ટ્રિબ્યુનલ, મહેસાણા સમક્ષ માંગણી કરવામાં આવી હતી. જો કે, ટ્રિબ્યુનલે રૂા.૯ લાખનો એવોર્ડ જારી કર્યો હતો. જો કે, ટ્રિબ્યુનલે કેસના પૂરતા પુરાવા અને રેકોર્ડ ધ્યાનમાં લીધા વિના અપૂરતો એવોર્ડ જાહેર કર્યો છે, તેથી અરજદારોને હાઈકોર્ટમાં આ અપીલ કરવાની ફરજ પડી છે. અપીલની સુનાવણી બાદ જસ્ટિસ ગીતા ગોપીએ જો મૃતક શિક્ષક નોકરીમાં ચાલુ રહ્યા હોત તો તેમનો ભવિષ્યનો પગાર, સાતમા પગાર પંચનો લાભ સહિતના મળવાપાત્ર આવક સહિતના મુદ્દાઓને ધ્યાનમાં લઈ મોટર વાહન અકસ્માતના કેસમાં આ બહુ મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. જસ્ટિસ ગીતા ગોપીએ જણાવ્યું હતું કે, મૃતક મંજૂર જગ્યા ઉપર વિદ્યાસહાયક તરીકે ફરજ બજાવતા હતા. મરનારની નોકરી સંદર્ભે પરિપત્રો અને રેકોર્ડ જોતાં અદાલતનો એ અભિપ્રાય છે કે, જો મૃતક નોકરીમાં ચાલુ રહ્યા હોત તો તેઓ નોકરીમાં કાયમી થાત અને તેમને સાતમા પગાર પંચનો પણ લાભ મળત. અકસ્માત સમયે મૃતકની ઉમંર માત્ર ર૬ વર્ષની હતી અને તેઓ ફિકસ પગારદાર હતા. તેથી ભવિષ્યમાં તેમની કાયમી નોકરીના મુદ્દાને ધ્યાનમાં લેતાં તેમની આવકમાં ૫૦ ટકા સૂચિત વધારો વિચારણામાં લેવો પડે તેમ છે. પ્રસ્તુત કેસમાં મરનારના આશ્રિતોમાં તેની વિધવા પત્ની, એક નાનું બાળક અને માતા-પિતા છે. હાઈકોર્ટે તમામ પાસાઓ ધ્યાનમાં લઈ ટ્રિબ્યુનલે રૂા.૯,૮૮,૦૦૦નો જે એવોર્ડ જારી કર્યો હતો, તેમાં નોંધપાત્ર વધારો કરી રૂા.૯૦,૬૩,૧૫૬ની રકમ ૭.૫ ટકાના વ્યાજ સાથે પંદર સપ્તાહમાં ચૂકવી આપવા ઈફકો ટોક્યો જનરલ ઈન્શ્યોરન્સવીમા કંપનીને હુકમ કર્યો હતો.

# બેફામ વાહન ચલાવનારા નબીરાઓને ટકોર : રોડને રેસિંગ ટ્રેક ન બનાવશો

## મહિલાઓ સામેના કેસમાં પોલીસ ઝડપી કાર્યવાહી કરી રહી છે : ગૃહ રાજયમંત્રી



ગાંધીનગર, તા.ર

રાજયમાં બેફામ બનેલા વાહનચાલકોના પાપે છાશવારે અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોય છે. જેમાં અમદાવાદ તથ્યકાંડની ઘટના હજુ તાજી જ છે. વધતા અકસ્માતને અટકાવવા સરકાર પણ ચિંતિત છે. ત્યારે આવી સ્થિતિ વચ્ચે રાજે રક્ષાબંધનના પર્વ નિમિત્તે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ બેફામ બનેલા વાહનચાલકોને ટકોર કરી ચેતવણી આપી છે. સુરત ખાતે એક કાર્યક્રમમાં તેમણે નિવેદન આપતા કહ્યું હતું કે રાજયના રસ્તાઓને રેસિંગ ટ્રેક ન બનાવશો. તમને બાઈક મળી છે તો જવાબદારીપૂર્વક ચલાવો. અપીલ કરતા તેમણે રાજયના નાગરિકોને કહ્યું હતું કે તમારી બહેનો, તમારી માતા ઘરે તમારી રાહ જોતી હોય છે અને તે સમજીને જવાબદારીપૂર્વક ગાડી ચલાવવી જોઈએ. તેઓએ કહ્યું કે, માત્ર તમારી જ નહીં પરંતુ રાહદારીઓની પણ સલામતી સાથે વાહન ચલાવવાનો આજે આપણે સૌ લોકો સંકલ્પ કરીએ. આથી સમાજમાં પણ એક સારો સંદેશ પ્રસરશે. તેમણે રક્ષાબંધન નિમિત્તે કહ્યું હતું કે, માત્ર રાખડી બાંધી સોશિયલ મીડિયા ઉપર ફોટા મૂકવાથી કંઈ થવાનું નથી. પોલીસ માતા પિતા અને દીકરા વચ્ચે બ્રિજ બનવાનું કામ કરે છે. ૫૦ ટકા લોકોને પણ આવા વિચારો આપવામાં સફળતા મળશે, તો અમે સફળ ગણાશું. તમારા સગા દીકરા ભલે ન હોય પણ પોલીસ તેનાથી ઓછી નહીં હશે. ગુજરાત પોલીસના સૌ જવાનો અને ટીમને અભિનંદન આપતા તેમણે વધુમાં કહ્યું કે, ૭૦ હજાર સિનિયર સિટીઝનો સાથે મુલાકાત થવાની છે. આજનો દિવસ ગુજરાત પોલીસ માટે આશીર્વાદનો દિવસ રહેશે. સૌ વડીલો ગુજરાત પોલીસના જવાનોને આશીર્વાદ આપશે. આવનારા સમયમાં ગુનેગારો સામે વધુ મજબૂત થાય તેમ લડીશું. ગુજરાત પોલીસ ડ્રગ કેસમાં ઈતિહાસ રચે છે. ડ્રગ સામેની લડાઈ વધુ પ્રયત્નશીલ બનાવવામાં આવશે. મહિલાઓ સામેના કેસમાં પોલીસ ટૂંક સમયમાં ઝડપથી આરોપીઓ સામે કડક પગલાં લઈ રહી હોવાનું કહી મંત્રીએ ઉમેર્યું કે, તારીખ પે તારીખની વાત અને સિસ્ટમનો આવનારા સમયમાં સુધારો કરવામાં આવશે.

# સફળતાનો અભાવ એ પ્રવાસનો એક ભાગ છે : આત્મહત્યાના કેસ વધતા આનંદ મહિન્દ્રાએ કોટાના વિદ્યાર્થીઓને સલાહ આપી

નવી દિલ્હી, તા.ર

આ વર્ષે રાજસ્થાનના કોટામાં અત્યાર સુધીમાં ર૪ આત્મહત્યાના કેસ નોંધાયા છે. વિદ્યાર્થીઓને સલાહ આપતા મહિન્દ્રા ગ્રુપના ચેરમેન આનંદ મહિન્દ્રાએ જણાવ્યું હતું કે, પરીક્ષામાં સફળતા ન મળવી એ ફક્ત આત્મખોજની સફરનો એક ભાગ છે. કોટાની આત્મહત્યા એ સમગ્ર દેશને ચોંકાવી દીધો છે. આ વર્ષે અત્યાર સુધીમાં આત્મહત્યાના ર૪ કેસ નોંધાયા છે. વિદ્યાર્થીઓને સલાહ આપતા મહિન્દ્રા ગ્રુપના ચેરમેન આનંદ મહિન્દ્રાએ જણાવ્યું હતું કે, પરીક્ષામાં સફળતાનો અભાવ એ આત્મ-શોધની યાત્રાનો એક ભાગ છે. કોટાના વિદ્યાર્થીઓ માટે આનંદ મહિન્દ્રાની સલાહ માંગતી X ઉપરની પોસ્ટમાં શ્રી મહિન્દ્રાએ વિદ્યાર્થી માટે તેમનો સંદેશ શેર કર્યો. આનંદ મહિન્દ્રાએ વિદ્યાર્થીઓને કહ્યું કે, જો તેઓ કોઈપણ પરીક્ષા પાસ કરી શકતા નથી, તો તેનો અર્થ એ છે કે, તેમની પ્રતિભા બીજ કોઈ ક્ષેત્રમાં છે. આ સમાચારથી હું તમારા જેટલો જ પરેશાન છું. હું કોટાના દરેક વિદ્યાર્થીને કહેવા માંગુ છું કે, જીવનના આ તબક્કે તમારો ધ્યેય તમારી જાતને સાબિત કરવાનો નથી પરંતુ તમારી જાતને શોધવાનો છે. પરીક્ષામાં સફળતાનો અભાવ એ ફકત સ્વખોજ સફરનો એક ભાગ છે. તેનો અર્થ એ છે કે, તમારી વાસ્તવિક પ્રતિભા બીજે ક્યાંય રહેલી છે. શોધતા રહો, મુસાફરી કરતા રહો. આખરે તમે તમારી અંદર છૂપાયેલી શ્રેષ્ઠ શકિત શોધશો અને ઉજાગર કરશો, આનંદ મહિન્દ્રાએ X ઉપર લખ્યું. માત્ર આનંદ મહિન્દ્રા જ નહીં પરંતુ સુપર ૩૦ કોચિંગના સ્થાપક આનંદ કુમારે પણ આ અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

# EVMના સિરિયલ નંબર અને મેન્યુફેક્ચરરની વિગતો જાહેર કરવાની માંગ કરતી અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી

નવી દિલ્હી તા. ર

દિલ્હી હાઈકોર્ટે ર૯ ઓગસ્ટના રોજ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ના સિરિયલ નંબરો અને તેના ઉત્પાદક વિશેની વિગતો જાહેર કરવાની માંગ કરતી પબ્લિક ઈન્ટ્રેસ્ટ લિગિટેશન (પીઆઈએલ) ફગાવી દીધી હતી. અરજીમાં વિનંતી કરવામાં આવી હતી કે આ માહિતી રાજકીય પાર્ટીના પ્રતિનિધિઓને ફર્સ્ટ લેવલ ચેકિંગ પૂરૂં થઈ જાય તે પહેલાં આ અંગેની વિગતો પૂરી પાડવામાં આવે. લોકસભા ચૂંટણી પહેલાં મશીનની એફએલસી એ વેરિફિકેશનની પહેલી પ્રક્રિયા માનવામાં આવે છે. તદઉપરાંત અરજીમાં વેરિફિકેશન પ્રોસેસ સામે પણ આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. તેમાં દાવો કરાયો હતો કે કોંગ્રેસે પ્રક્રિયાનો બહિષ્કાર કર્યો હોવા છતાં એફએલસી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવાનો દાવો કરાયો હતો. તેમણે કહ્યું હતું કે તેમને કોઈ વિગતો પૂરી પાડવામાં આવી નહોતી. જ્યારે એફએલસી પતી જાય ત્યારે મશીનને સીલ કરી દેવાય છે અને ચોક્કસ વેરહાઉસમાં મૂકી દેવામાં આવે છે અને જ્યારે ચૂંટણી પ્રક્રિયા શરૂ થાય ત્યારે જ તેને ફરી ઓપન કરવામાં આવે છે. તેમાં ચૂંટણીની નોટિફિકેશનનેપણ ધ્યાને લેવાય છે. દિલ્હી માટે એફએલસીની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે અને આ માહિતી ખુદ ચૂંટણી કમિશને આ માહિતી આપી હતી. આ પિટિશન દિલ્હી પ્રદેશ કોંગ્રેસ કમિટીના પ્રમુખ અનિલ ચૌધરી દ્વારા દાખલ કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે જો અમારી પાસે આ મહત્ત્વની જાણકારી નહીં હોય તો મશીન ઉપર કેવી રીતે વિશ્વાસ કરવો ? દરેક મશીન એક જેવા જ લાગે છે. યાદી સાથે મશીનના સિરિયલ નંબર મેચ થવા પણ જરૂરી છે. તેઓએ મેન્યુફેક્ચરર, સિરિયલ નંબર અને મોડેલની વિગતો પૂરી પાડવી જોઈએ. ર૦ર૪માં જે બેઝિક હાર્ડવેર વપરાવા જઈ રહ્યા છે તેની વિગતો પણ હોવી જરૂરી છે.

# ભારતીય સેના મધ્ય પૂર્વમાં અત્યાર સુધીના સૌથી મોટા સંયુક્ત સૈન્ય અભ્યાસમાં ભાગ લેશે

કોલકતા તા.ર

ભારતીયસેનાની ટુકડી મધ્ય પૂર્વમાં 'બ્રાઈટ સ્ટાર-ર૩' નામની બહુરાષ્ટ્રીય ત્રિ-સેવાઓની સંયુક્ત લશ્કરી કવાયતનો ભાગ હશે. ઈજિપ્તમાં આ કાર્યક્રમ ૩૧ ઓગસ્ટથી ૧૪ સપ્ટેમ્બર દરમ્યાન મોહમ્મદ નાગુઈબ મિલિટરી બેઝ ખાતે યોજાનાર છે. ભારતીય સંરક્ષણ મંત્રાલયે પુષ્ટિ કરી છે કે ૩૪ દેશો આ કવાયતમાં ભાગ લેશે, અને તે મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકા ક્ષેત્રમાં અત્યાર સુધીની સૌથી મોટી સંયુક્ત લશ્કરી કવાયત હશે. સંરક્ષણ મંત્રાલયનું કહેવું છે કે આ પ્રથમ વખત છે જયારે ભારતીય સશસ્ત્ર દળો ૫૪૯ જવાનોની કુલ સંખ્યા સાથે આ બ્રાઈટ સ્ટાર કવાયતમાં ભાગ લઈ રહ્યા છે. ભારતીય સેનાનું પ્રતિનિધિત્વ જાટ રેજિમેન્ટની ર૩ બટાલિયનની ટુકડી દ્વારા કરવામાં આવશે. સંરક્ષણ મંત્રાલયના સૂત્રોનું કહેવું છે કે ૧૩૭ જવાનોની ટુકડી ર૮ ઓગસ્ટના રોજ ઈજિપ્ત માટે રવાના થઈ હતી. બ્રાઈટ સ્ટાર એ બહુરાષ્ટ્રીય ત્રિ-સેવાઓની સંયુક્ત લશ્કરી કવાયત છે જેનું નેતૃત્વ યુએસ સેન્ટકોમ (સેન્ટ્રલ કમાન્ડ) અને ઈજિપ્તની સેના કરશે. શરૂઆતમાં ૧૯૭૭ના કેમ્પ ડેવિડ એકોર્ડ દરમિયાન યુએસ અને ઈજિપ્ત વચ્ચે દ્વિપક્ષીય દ્વિવાર્ષિક તાલીમ કવાયત તરીકે તેની કલ્પના કરવામાં આવી હતી. આ પ્રથમ કવાયત વર્ષ ૧૯૮૦માં ઈજિપ્તમાં હાથ ધરવામાં આવી હતી. ૧૯૯૫થી, અન્ય રાષ્ટ્રો દ્વારા સહભાગિતા સાથે આ કવાયતનો વિસ્તાર કરવામાં આવ્યો હતો. છેલ્લી બ્રાઈટ સ્ટાર કવાયત વર્ષ ર૦ર૧માં કરવામાં આવી હતી, જેમાં ર૧ દેશોની સેનાએ ભાગ લીધો હતો. આ વર્ષની કવાયતમાં 'વિશ્વમાં શાંતિ જાળવવા'ના સર્વોચ્ચ ઉદ્દેશ્ય સાથે, બિનપરંપરાગત જોખમોનો સામનો કરવા અને સહભાગી રાષ્ટ્રો વચ્ચે પ્રાદેશિક ભાગીદારી વધારવા પર કેન્દ્રિત છે અને તેમાં મોટી સંખ્યામાં તાલીમ પ્રવૃત્તિઓનો સમાવેશ થશે. વિવિધ ક્ષેત્ર અને પરિસ્થિતિગત પ્રશિક્ષણ કસરતો ઉપરાંત, બ્રાઈટ સ્ટાર-ર૩માં વ્યૂહાત્મક સેટિંગ ઉપર આધારિત સંયુક્ત શસ્ત્રોની જીવંતફાયરિંગ કવાયતનો પણ સમાવેશ થશે. સાયબર સિક્યુરિટી સહિત સમકાલીન વિષયો ઉપર પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભારતીય સશસ્ત્ર દળો મુખ્ય એકમ છે. આ કવાયત ભારતીય સેનાને સંરક્ષણ સહયોગ વધારવા ઉપરાંત અન્ય રાષ્ટ્રીય સેનાઓ સાથે શ્રેષ્ઠ પ્રયાસો અને અનુભવો શેર કરવાની અનન્ય તક પૂરી પાડશે. અધિકારીએ કહ્યું કે, ભારતીય સેના કવાયતમાંથી સમૃદ્ધ વ્યાવસાયિક અનુભવની આશા રાખે છે.

# વિશ્વના ૫૦ સૌથી પ્રદૂષિત પ્રદેશો ઉત્તર ભારતમાં આવેલા છે દિલ્હીવાસીઓ પ્રદૂષણને લીધે તેમના જીવનના ૧ર વર્ષ ગુમાવે છે

નવી દિલ્હી તા.ર

શિકાગો યુનિવર્સિટીના એક અહેવાલ મુજબ ભારતના ઉત્તરીય મેદાનોમાં વિશ્વના ૫૦ સૌથી વધુ પ્રદૂષિત પ્રદેશો આવેલા છે. આ અહેવાલમાં જણાવાયું છે કે, બિહાર, ચંદીગઢ, દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળ સહિતના સાત રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સમાવિષ્ટ કરતાં આ પ્રદેશનો મોટાભાગનો ભાગ ભારતમાં કણ પ્રદૂષણને કારણે સૌથી વધુ સ્વાસ્થ્ય સમસ્યાઓ તરફ દોરી જાય છે. 'AQLI 2023' નામનો આ રિપોર્ટ માઈકલ ગ્રીનસ્ટોન અને ક્રિસ્ટા હેસેનકોપ દ્વારા લખવામાં આવ્યો છે. PM2.5 તરીકે ઓળખાતા ફાઈન પાર્ટિક્યુલેટ વાયુ પ્રદૂષણ, વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ની 5 µg/m3ની ભલામણ કરેલ માર્ગદર્શિકાની તુલનામાં વધુ હોવાથી તે ભારતીય નાગરિકની સરેરાશ આયુષ્ય ૫.૩ વર્ષ ઘટાડે છે. ઉત્તર ભારતમાં આ રજકણનું પ્રદૂષણ વધુ ગંભીર છે, જે લોકોના આયુષ્યમાં આઠ વર્ષનો ઘટાડો કરે છે. ઉત્તરીય મેદાનોમાં ૫ર૧.ર મિલિયન લોકોની વસ્તી છે અથવા ભારતની કુલ વસ્તીના ૩૮.૯% લોકો છે, તેઓ એવા વિસ્તારોમાં રહે છે જયાં વાર્ષિક સરેરાશ કણોનું પ્રદૂષણ સ્તર WHO માર્ગદર્શિકા કરતાં ૧૭.૩ ગણું વધારે છે. ૧૯૯૮થી ર૦ર૧ સુધી સરેરાશ વાર્ષિક રજકણ પ્રદૂષણમાં ૬૧%નો વધારો થયો છે, જે આયુષ્યમાં ૩.ર વર્ષનો ઘટાડો કરે છે. ઉત્તરીય મેદાનોના સૌથી પ્રદૂષિત પ્રદેશમાં, રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી, તેના ૧૮ મિલિયન રહેવાસીઓ WHO માર્ગદર્શિકાની તુલનામાં ૧૧.૯ વર્ષ અને રાષ્ટ્રીય માર્ગદર્શિકાની સાપેક્ષમાં ૮.૫ વર્ષના સંભવિત નુકસાનનો સામનો કરી રહ્યા છે. અહીં પ્રદૂષણનું સ્તર યથાવત્ છે. દિલ્હી ભારત અને સમગ્ર વિશ્વમાં સૌથી પ્રદૂષિત શહેર તરીકે સ્થાન ધરાવે છે. દર વર્ષે દિવાળી પછી શ્વસન સમસ્યાઓ અને અન્ય આરોગ્ય કટોકટીના કેસોમાં વધારો નોંધવામાં આવે છે, જે મોટાભાગે ફટાકડા સળગાવવાના પરિણામે પ્રદૂષણમાં નોંધપાત્ર વધારાને આભારી છે. રાષ્ટ્રીય રાજધાનીમાં વાયુ પ્રદૂષણના અન્ય કારણોમાં પડોશી રાજ્યોમાં ખેતરમાં કચરો બાળવા, ઔદ્યોગિક ઉત્સર્જન, વાહનોથી થતાં પ્રદૂષણ અને મોસમી હવામાનને જવાબદાર ગણી શકાય છે. શિકાગો યુનિવર્સિટીના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પ્રદેશની અંદર સૌથી ઓછા દૂષિત જિલ્લામાં પઠાણકોટ છે, ત્યાં કણોનું પ્રદૂષણ સ્તર WHO માર્ગદર્શિકા કરતાં સાત ગણું કરતાં વધુ છે, તેથી જો વર્તમાન સ્તર ચાલુ રહે તો લોકોના આયુષ્યમાં ૩.૧ વર્ષનો ઘટાડો થાય છે. ર૦૧૯માં ભારતે તેના પ્રદૂષણ સામેના યુદ્ધના ભાગ રૂપે નેશનલ કલીન એર પ્રોગ્રામ (NCAP)ની શરૂઆત કરી હતી. શરૂઆતમાં NCAPનું લક્ષ્ય ર૦ર૪ સુધીમાં દેશભરમાં ર૦-૩૦% જેટલું રજકણ પ્રદૂષણ ઘટાડવાનું હતું, જે ભારતના PM2.5 ધોરણોને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેલા ૧૦ર શહેરો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. જો કે, ર૦રરમાં સરકારે NCAP હેઠળ તેના પ્રદૂષણ ઘટાડવાના લક્ષ્યમાં સુધારો કર્યો હતો. તેણે ૧૩૧ શહેરોની વિસ્તૃત સૂચિ માટે ર૦ર૫-ર૬ સુધીમાં ૪૦% ઘટાડાનું લક્ષ્ય નક્કી કર્યું હતું. આ લક્ષ્યાંક હાંસલ કરવાથી ર૦૧૭ના સ્તરની તુલનામાં વાર્ષિક સરેરાશ PM2.5 એક્સપોઝરમાં 21.9 µg/m³ ઘટાડો થશે, જેના પરિણામે આ ૧૩૧ શહેરોમાં નાગરિકોના આયુષ્યમાં ર.૧ વર્ષનો વધારો થશે. આ ૧૩૧ લક્ષિત શહેરોમાંથી ૩૮ (લગભગ ૩૦%) ભારતના ઉત્તરીય મેદાનોમાં આવેલા છે.

# સેટેલાઈટ દશ્યો દર્શાવે છે કે, ચીન પોતાના બંકરોને મજબૂત કરી રહ્યું છે અને અક્સાઈ ચીનમાં બાંધકામ કરી રહ્યું છે

નવી દિલ્હી, તા.ર

ચીને અક્સાઈ ચીનમાં બંકરો અને ભૂગર્ભ સુવિધાઓને હવાઈ હુમલાઓથી બચાવવા માટે મજબૂત કરી રહ્યું છે. હિન્દુસ્તાન ટાઈમ્સે સમયાંતરે સેટેલાઈટ ઈમેજનું વિશ્લેષણ કરીને આ અહેવાલ આપ્યો છે. આ બાંધકામ વાસ્તવિક નિયંત્રણ રેખા અથવા LACથી લગભગ ૭૦ કિ.મી. દૂર છે. આ ન્યૂઝ આઉટલેટે મે મહિનામાં સેટેલાઈટ ઈમેજરીનો અભ્યાસ કર્યા બાદ અહેવાલ આપ્યો હતો કે, ચીને નવા રનવે બનાવ્યા છે, જેટ સંરક્ષણ આશ્રયસ્થાનો બનાવ્યા છે અને લશ્કરી કામગીરી માટે નવી ઈમારતો બનાવી છે. આ બધું LACની સાથે તેના એરબેઝને વિસ્તરણ કરવા અને તેને ઓપરેશન્સની વ્યાપક શ્રેણી માટે હતું. હવે આ આઉટલેટે અહેવાલ આપ્યો છે કે, કર્મચારીઓના બંકરોને વધુ મજબૂત બનાવવામાં આવ્યા છે. જે હવાઈ અથવા મિસાઈલ હુમલાઓથી વધારાની સુરક્ષા પૂરી પડશે. વધુમાં એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ્સ ફોકર્ડ રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે, દેખીતી રીતે તે તોપમારાની અસરને રોકવા માટે છે. આ અહેવાલમાં તાજેતરમાં ૧૮ ઓગસ્ટના ફોટોગ્રાફસ છે, જે દર્શાવે છે કે, ભૂગર્ભ સુવિધાઓનો વિકાસ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ૬ ડિસેમ્બર, ર૦ર૧ અને આ વર્ષે ૧૮ ઓગસ્ટના રોજ લેવામાં આવેલી તસવીરોની સરખામણી દર્શાવે છે કે, ચીને અકસાઈ ચીનના ૧૫ ચોરસ કિલોમીટરની અંદર છ સ્થળોએ બંકરો બનાવ્યા છે અને ભૂગર્ભ બાંધકામ કર્યું છે. રિપોર્ટમાં એ જ પ્રદેશમાં નવા રસ્તાઓ, ટનલ, નવા પ્રવેશદ્વારો અને સૈનિકો માટે બંકરો સહિતની નવી વિકાસ પ્રવૃત્તિની પણ નોંધ લેવામાં આવી છે.

# પંજાબ અને ઉત્તરપૂર્વના રાજ્યો વિશે શું ? : સુપ્રીમ કોર્ટે જમ્મુ અને કાશ્મીરના વિભાજન ઉપર સવાલ ઉઠાવ્યા



નવી દિલ્હી તા.ર

જમ્મુ અને કાશ્મીર એ માત્ર એકલું રાજ્ય નથી પણ પંજાબ અને ઉત્તરપૂર્વના રાજ્યોને પણ આ સમાન પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો છે. સુપ્રીમ કોર્ટે ઓગસ્ટ ર૦૧૯માં સરહદી રાજ્યના વિભાજનની જરૂરિયાત ઉપર આ પ્રશ્ન કર્યો હતો. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડે પણ પ્રશ્ન કર્યો હતો કે, એક વખત રાજયને વિભાજિત કરવાની સત્તાનો 'દુરૂપયોગ' ન થાય તે કેવી રીતે સુનિશ્ચિત કરવું. કલમ ૩૭૦ નાબૂદ કરવાને પડકારતી અરજીઓના સમૂહની સુનાવણીના ૧રમા દિવસ દરમ્યાન કેન્દ્રએ દલીલ કરી હતી કે, જમ્મુ અને કાશ્મીર એ અલગ કેસ છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, જો ગુજરાત અથવા મધ્યપ્રદેશને વિભાજિત કરવામાં આવશે, તો પરિમાણો અલગ હશે. જસ્ટિસ એસ.કે. કૌલે, ધ્યાન દોર્યું કે દેશમાં સરહદો ધરાવતા ઘણા રાજ્યો છે. શ્રી મહેતાએ જવાબ આપ્યો કે, તમામ પડોશી દેશો 'મૈત્રીપૂર્ણ નથી' અને જમ્મુ અને કાશ્મીરના ઈતિહાસ અને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેને મુખ્ય પ્રવાહમાં લઈ જવાની જરૂર છે. એકવાર તમે દરેક ભારતીય રાજ્યના સંબંધમાં યુનિયનની સત્તા સ્વીકારી લો પછી તમે કેવી રીતે ખાતરી કરશો કે તેઓએ તેનો દુરૂપયોગ કર્યો છે. ન્યાયમૂર્તિ કૌલે ઉમેર્યું હતું કે, આ એક પ્રકારની પરિસ્થિતિ નથી. અમે ઉત્તરીય સરહદ પંજાબમાં પણ ખૂબ જ મુશ્કેલ સમય જોયો છે. એ જ રીતે પૂર્વોત્તરના કેટલાક રાજ્યો છે. શું સંસદ પાસે વર્તમાન ભારતીય રાજ્યને કેન્દ્રશાસિત પ્રદેશમાં રૂપાંતરિત કરવાની સત્તા છે ? એવો ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે પ્રશ્ન કર્યો હતો. કોર્ટે એમ પણ કહ્યું કે, બંધારણ સભાની ભૂમિકા માત્ર કલમ ૩૭૦ સંબંધિત ભલામણથી જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપ્યો હતો તેનો અર્થ એ નથી કે ભારતના રાષ્ટ્રપતિ તેને ઓવરરાઈડ કરી શકે છે. અગાઉની સુનાવણીમાં કોર્ટે કહ્યું હતું કે, સરકારે કલમ ૩૭૦ નાબૂદ કરવા માટે અપનાવેલી પ્રક્રિયાને ન્યાયી ઠેરવવી પડશે.

# ભારતમાં જોવા મળ્યો સુપર બ્લૂ મૂન, ર૦૩૭ સુધી નહીં જોવા મળે આવો નજારો

(એજન્સી) તા.ર

આકાશમાં એક દુર્લભ સુપર બ્લૂ મૂનની સાથે એક અનોખી અને આશ્ચર્યજનક ઘટના જોવા મળી હતી. બિહાર, યુપી, બંગાળ સહિત કેટલાક ભાગમાં આ નજારો જોવા મળ્યો હતો. ચંદ્ર રોજની અપેક્ષાએ ૧૪ ટકા મોટો અને ચમકદાર જોવા મળ્યો હતો. આ ઘટના ત્યારે બને છે જ્યારે ચંદ્ર પૃથ્વીની નજીક આવે છે. હવે આગામી બ્લૂ મૂન ૧૩ વર્ષ પછી ર૦૩૭માં જોવા મળશે. બિહારના પટનામાં જોવા મળેલા સુપરમૂનની તસવીરો સામે આવી છે, જેમાં ચંદ્ર ચમકતો જોવા મળેછે. બિહારના પટનામાં જોવા મળેલા સુપરમૂનની તસવીરો સામે આવી છે. આમાં ચંદ્ર ખૂબ જ તેજસ્વી દેખાય છે. આ સિવાય હજુ ઘણું બધું જોવાનું છે. શનિ પણ દેખાશે. નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા) અનુસાર, જેમ-જેમ રાત વધતી જશે તેમ તેમ એવું જણાશે કે જાણે શનિ ગ્રહ ચંદ્રની આસપાસ એક વર્તુળમાં ફરતો હોય. અગાઉ ૧ ઓગસ્ટના રોજ પૂર્ણ સ્વરૂપમાં ચંદ્રના દર્શન થયા હતા. વર્ચ્યુઅલ ટેલિસ્કોપ પ્રોજેકટના સ્થાપક, ઈટાલિયન ખગોળશાસ્ત્રી ગિયાનલુકા માસીના જણાવ્યા અનુસાર, હવે આપણને ર૦૩૭ સુધી સુપર બ્લુ મૂન જોવા નહીં

# યાત્રાધામ દ્વારકામાં કાળિયા ઠાકોરના ૫૨૫૦માં જન્મ ઉત્સવને વધાવવા માટે અનેરો થનગનાટ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨

આગામી ગુરૂવાર તા.૭ સપ્ટેમ્બરના રોજ યાત્રાધામ દ્વારકાના સુપ્રસિધ્ધ જગતમંદિર ખાતે ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવની પરંપરાગત ઉજવણી કરવામાં આવનાર છે. મંદિરના વહીવટદારની યાદી અનુસાર શ્રીજીના દર્શન સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે સંદર્ભે વૈષ્ણવ ભાવિકોને ઠાકોરજીના દર્શન સમય સારણી અનુસાર દર્શન કરવા અનુરોધ કરાયો છે. આગામી ગુરૂવાર તારીખ સાતમીના રોજ જન્માષ્ટમીના દિને શ્રીજીની મંગલા આરતી સવારે ૬ વાગ્યે, મંગળા દર્શન સવારે ૮ વાગ્યા સુધી, શ્રીજીના ખુલ્લા પડદે સ્નાન તથા અભિષેક દર્શનસવારે ૮ વાગ્યે, સ્નાન ભોગ સવારે ૧૦ વાગ્યે, શૃંગાર ભોગ સવારે ૧૦:૩૦ વાગ્યે, શૃંગાર આરતી સવારે ૧૧ વાગ્યે, ગ્વાલ ભોગ સવારે ૧૧.૧૫ વાગ્યે, રાજભોગ બપોરે ૧૨ વાગ્યે, અને ત્યારબાદ બપોરે ૧ થી સાંજે ૫ વાગ્યા સુધી અનોસર (મંદિર બંધ) રહેશે.

સાંજના ક્રમમાં ઉત્થાપન દર્શન સાંજે ૫ વાગ્યે, ઉત્થાપન ભોગ ૫.૩૦ થી ૫.૪૫ (દર્શન બંધ), સંધ્યા ભોગ સાંજે ૭.૩૦ થી ૭.૪૫ સુધી (દર્શન બંધ), સંધ્યા આરતી ૭:૪૫ વાગ્યે, શયન ભોગ રાત્રે ૮ થી ૮:૧૦ સુધી (દર્શન બંધ), શયન આરતી ૮:૩૦વાગ્યે અને શયન અનોસર (દર્શન બંધ) રાત્રે ૯ વાગ્યે થશે. આ પછી રાત્રે ૧૨ વાગ્યે ભગવાન શ્રીકૃષ્ણની જન્મોત્સવ આરતી યોજાશે. જેમાં રાત્રે અઢી વાગ્યા સુધી જન્મોત્સવ દર્શન ભાવિકો માટે ખુલ્લા રહેશે. રાત્રે અઢી વાગ્યે શ્રીજી શયન (દર્શન બંધ) થશે. પારણા નોમ નિમિત્તે શુક્રવાર તારીખ ૮ સપ્ટેમ્બરના રોજ શ્રીજીને પારણા ઉત્સવ દર્શન સવારે ૭ વાગ્યે અને ત્યાર બાદ અનોસર (દર્શન બંધ) ૧૦:૩૦ વાગ્યે થશે. સાંજે ૫ વાગ્યા સુધી દર્શન બંધ રહેશે. સાંજે ૫ થી ૬ સુધી ઉત્થાપન દર્શન, શ્રીજીની બંધ પડદે અભિષેક પૂજા સાંજે ૬ થી ૭સુધી, સંધ્યા દર્શન સાંજે ૭ થી ૭:૪૫ સુધી, સંધ્યા આરતી સાંજે ૭:૪૫ વાગ્યે, શ્રીજીનેશયનભોગ રાત્રે ૮:૧૦ વાગ્યે, શયન આરતી રાત્રે ૮:૩૦ વાગ્યે તેમજ શયન રાત્રે ૯:૩૦ વાગ્યે યોજાશે. દ્વારકાનો મુખ્ય તહેવાર એટલે જન્માષ્ટમી. ભગવાન શ્રીકૃષ્ણની ૫૨૫૦ની જન્મજયંતી એટલે કે જન્માષ્ટમીની તૈયારીઓ હાલ પૂરજોશમાં કરવામાં આવી રહી છે. વહીવટી તંત્ર દ્વારા જગત મંદિરને સુંદર લાઈટિંગથી સુશોભિત કરવામાં આવી રહ્યું છે. અહીં આવતા ભકતો નિર્વિઘ્ને અને મુકતમને દર્શન કરી શકે તે માટે કીર્તિ સ્તંભથી છપ્પન સીડી સુધી બેરિકેટિંગ બાંધવામાં આવી રહ્યા છે. અશક્તો, વૃદ્ધોને દર્શન કરવા માટે અલગ વ્યવસ્થા કરવામાં



આવી છે. આ માટે મંદિર સમિતિ તેમજ પોલીસ તંત્ર દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# ગીર સોમનાથ જીલ્લાને ૧૦ કલાક વીજળી આપવા કોડીનાર તાલુકા કોંગ્રેસ સમિતિની માંગણી

## મુખ્યમંત્રીને એક વિસ્તૃત પત્ર પાઠવીને ગિર સોમનાથ જીલ્લામાં પણ ખેતીવાડી માટે ૧૦ કલાક વીજળી આપવા માંગણી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨

રાજ્યમાં જુલાઈ મહિનામાં સારો વરસાદ પડ્યા બાદ ઓગસ્ટ મહિનામાં વરસાદ ખેંચાતા ખેડૂતો પારાવાર મુશ્કેલીમાં મુકાઈ ગયા છે મગફળી, સોયાબીન, કપાસ જેવા ઉભેલા પાકને પાણીની તાતી જરૂરિયાત છે ત્યારે ગુજરાત સરકારે ખેતીવાડી માટે ૧૦ કલાક વીજળી આપવાની જાહેરાત ૧૪ જિલ્લામાં કરી છે પરંતુ તેમાંથી ગીર સોમનાથ જિલ્લાને બાકાત રાખવામાં આવતા ખેડૂતોમાં ભારોભાર રોષ ફેલાયો છે. જેઅંગે કોડીનાર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મહેશભાઈ મકવાણાએ રાજ્યના મુખ્યમંત્રીને એક વિસ્તૃત પત્ર પાઠવીને ગિર સોમનાથ જિલ્લામાં પણ ખેતીવાડી માટે ૧૦ કલાક વીજળીઆપવા માંગણી કરી છે.

હાલ ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતોને ખેતીવાડીની આઠ કલાક વીજળી આપવામાં આવે છે તેમાં પણ ટ્રીપિંગ તથા લોડ સેટિંગની સમસ્યાને કારણે પૂરતો વીજ પુરવઠો મળતો નથી. ઓગસ્ટ મહિનામાં વરસાદ ખેંચાતા ખેતરમાં ઉભેલા મગફળી સોયાબીન તથા કપાસ જેવા પાકને કૂવામાંથી પાણી આપવું જરૂરી બન્યું છે ત્યારે છતે પાણીએ વીજળીના વાકે ખેડૂતો ઊભેલા પાકને પાણી આપી શકતા નથી. રાજ્ય સરકારે ગુજરાતના ૧૪ જિલ્લામાં ખેતીવાડી માટે દસ કલાક વીજ પુરવઠો આપવાની જાહેરાત કરી છે ત્યારે ગીર સોમનાથ જિલ્લાને તેમાંથી બાકાત રાખીને અન્યાય કરવામાં આવ્યો હોય આ અંગે તાત્કાલિક ખેડૂતોને ૧૦ કલાક ખેતીવાડી માટે વીજ પુરવઠો આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

# માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપનીની બારમી વાર્ષિક સાધારણ સભા સંપન્ન



## સભાસદોમાટે ૮ ટકા ડિવિડન્ડ જાહેર કરાયું રૂપિયા ૨૦.૭૨ કરોડનો નફો નોંધાયો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨

દૂધ ઉત્પાદકોની પોતાની કંપની માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડની બારમી વાર્ષિક સાધારણ સભા તારીખ ૧લી સપ્ટેમ્બરને શુક્રવારના રોજ સયાજી હોટલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે યોજાઇ હતી. વિશાળ દૂધ ઉત્પાદકોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ વાર્ષિક સાધારણસ સભામાં કંપનીના ચેરમેન વિજયભાઇ ઓડેદરાએ ગત નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કંપનીએ સાધેલા વિકાસની રૂપરેખા રજુ કરી હતી. જ્યારે કંપનીના મુખ્ય કાર્યપાલક ડો.સંજય ગોવાણીએ વર્ષ દરમ્યાન કંપનીએ કરેલા કાર્યોની વિગત આપી હતી.

કંપનીએ ગત વર્ષ દરમ્યાન કુલ રૂપિયા ૧૭૪૭ કરોડની આવક નોંધાવીછે જ્યારે રૂપિયા ૨૦.૭૨ કરોડનો નફો નોંધાવ્યો છે. કંપનીએ તેના સભાસદોને ૮ ટકા ડિવિડન્ડ જાહેર કર્યુ છે. જે કંપનીની દૂધ ઉત્પાદક સભ્યો પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવે છે. બારમી વાર્ષિક સાધારણ સભા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન કરીને સભ્યોએ શિસ્તબધ્ધતાનું અનેરૂ ઉદાહરણ પૂરૂ પાડ્યુ હતું.

સાધારણ સભા પૂર્ણ થયા બાદ ૨૦૨૨-૨૩ના વર્ષ દરમ્યાન કંપનીના તમામ નિયમોનું પાલન કરી વધુને વધુ દૂધ ભરાવનાર વર્ગ અ, બ અને ક ના સર્વશ્રેષ્ઠ ત્રણ ત્રણ સભ્યો મળીને કુલ નવ સભ્યોને માહી રત્ન તથા પૂરક આહાર પેટે પશુઓ માટે માહીદાણનો વધુ વપરાશ કરનાર ત્રણ સભ્યોને માહીદાણ ચેમ્પિયનના એવોર્ડ આપી પુરસ્કારથી પણ નવાજવામાં આવ્યા હતા.

# દ્વારકામાં પ્રાદેશિક સરસ મેળા-૨૦૨૩નો શુભારંભ કરાવતા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાત લાઈવલીહૂડ મિશન અન્વયે સર્કિટ હાઉસ પાછળના ગ્રાઉન્ડ, દ્વારકા ખાતે આયોજિત પ્રાદેશિક સરસ મેળો-૨૦૨૩નો પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ શુભારંભ કરાવ્યો હતો.

રાજ્યના ગ્રામીણ મહિલા સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત કરવામાં આવતી વિવિધ વસ્તુઓના વેચાણ થકી આજીવિકા પ્રાપ્ત કરવાના ઉદેશ્યથી પ્રાદેશિક સરસ મેળો તા.૯/૯/૨૦૨૩ સુધી સર્કિટ હાઉસપાછળના ગ્રાઉન્ડ દ્વારકા ખાતે યોજાશે.

ઉલ્લેખનીય છે કે પ્રાદેશિક સરસ મેળામાં રાજયભરમાંથી ૫૦ જેટલા સ્વસહાય જૂથો સહભાગી થયા છે. જેમાં વિવિધ આર્ટસ એન્ડ ક્રાફ્ટ સ્ટોલ, સેલ્ફી પોઇન્ટ, લાઈવ ફૂડ સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર છે. આ મેળો તા.૯/૯/૨૦૨૩ સુધી સવારના ૧૧ કલાકથી રાત્રીના ૧૦ વાગ્યા સુધી રહેશે. આ તકે જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી. ધાનાણી, ,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક આર.જે.જાડેજા, દ્વારકા પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા, ખંભાળિયા તાલુકા પંચાયત પ્રમુખ રામદેભાઈ કરમુર, સહિતના ઊપસ્થિત રહ્યા હતા.

# શહેરીજનોનું ઈઝ ઓફ લિવિંગ વધારવા રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

ગાંધીનગર તા.૨

રાજ્યસરકાર દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત લોકોને ઘર આંગણે ઝડપી અને પારદર્શક ઈ-ગવર્નન્સની સુવિધાઓ પ્રદાન કરવામાં સિટી સિવિક સેન્ટર મહત્વની ભૂમિકા ભજવે છે.અને તેથી જ રાજ્ય સરકાર વધુમાં વધુ સિટી સિવિક સેન્ટરો શરુ કરી લોકોનું જીવન સરળ કરવા પર ખાસ ધ્યાન આપી રહી છે. તદ્અનુસાર, રાજ્ય સરકાર લોકોની ઈઝઑફ લિવિંગને સુદ્દઢ બનાવવા માટે માત્ર મોટા શહેરો જ નહિં, પણ નાના શહેરોમાં પણ કામગીરી કરી રહી છે અને તેના માટે ચાલુ વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન રાજયની ૬૬ નગરપાલિકાઓમાં સિટી સિવિકસેન્ટર શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. નાના શહેરોમાં શરુ થનારા આ સિટી સિવિકસેન્ટરો માટે સરકારે રૂ.૩૩ કરોડની ફાળવણી કરી છે.નોંધનીય છે કે ગુજરાતમાં ૧૫૭ નગર-પાલિકાઓ છે કે જેમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નગરપાલિકાઓને સિટી સિવિક સેન્ટર ખોલવા માટે સહાય અપાય છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યની ૨૨ નગરપાલિકાઓમાં ૨૨ સિટી સિવિકસેન્ટર શરૂ કરાયા હતા અને હવે વર્ષ ૨૦૨૩-૨૪માં વધુ ૬૬ નગરપાલિકાઓમાં ૬૬ સિટી સિવિક સેન્ટરો શરુ થશે કે જેથી રાજ્યની નગર-પાલિકાઓમાં સિટી સિવિક સેન્ટરોની સંખ્યા વધીને ૮૮ થઈ જશે. રાજ્યની ૮ મહાનગર-પાલિકાઓમાં તો મોટાભાગે શહેરીજનોની સુવિધા માટે સિટી સિવિક સેન્ટરની સુવિધાઓ ઉપલબ્ધ છે, પરંતુ નગરપાલિકાઓમાં પણ આવી સુવિધાઓની તાતી જરૂરિયાત છે અને તે જરૂરિયાતને જોતા રાજ્ય સરકાર નાના શહેરોમાં પણ એક પછી એક સિટી સિવિક સેન્ટર શરુ કરી રહી છે. તાજેતરમાં જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાલનપુર ખાતેથી એકસાથે ૨૧ સિટી સિવિક સેન્ટરનું ઉદ્ઘાટન કર્યુ હતું.શહેરીકરણમાં ઝડપી વૃદ્ધિને કારણે નગરના રહેવાસીઓની સુવિધાઓને ધ્યાનમાં લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા હવે વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૩ કરોડના ખર્ચે ૬૬ નગરપાલિકાઓમાં સિટી સિવિક સેન્ટરોને મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂર કરાયેલા ૬૬ સિટી સિવિક સેન્ટરોમાં અ વર્ગની નગરપાલિકાઓમાં ૨૨, બ વર્ગની નગરપાલિકાઓમાં ૩૦ તેમજ ક વર્ગની નગર-પાલિકાઓમાં ૧૪ સિટી સિવિક સેન્ટરો શરુ કરવામાં આવશે.નાગરિકોને મહાનગર-પાલિકા કે નગરપાલિકાને લગતી તમામ સેવાઓ એક જ જગ્યાએથી ઉપલબ્ધ થાય તેવા આશયથી સિટી સિવિક સેન્ટર તૈયાર કરવામાં આવે છે.

# રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ લોંચ કરે છે ઈલેક્ટ્રોલાઈટ્સથી ભરપૂર કેમ્પા ક્રિકેટ

મુંબઈ, તા.૨

રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડની **(RRVL)** સંપૂર્ણ-માલિકીની સબસિડિયરી અને એફએમસીજી પાંખ રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડે **(RCPL)**, અનોખા ક્રિકેટ-થીમયુક્ત પીણાં, કેમ્પા ક્રિકેટને લોંચ કરવાની સાથે પોતાના બેવરેજ પોર્ટફોલિયોના વિસ્તરણની જાહેરાત કરી છે.

ઈલેક્ટ્રોલાઈટ્સથી ભરપૂર, કેમ્પા ક્રિકેટ એ લેમન-ફ્લેવર્ડ કાર્બોનેટેડ પીણું છે જે ભારતભરના ઉન્માદપૂર્ણ ક્રિકેટ ચાહકોને સમર્પિત છે. તરોતાજા કરનારું આ પીણું ખાસ મેદાન ઉપર અને મેદાન બહાર ઉપભોક્તાઓને રિહાઈડ્રેટ અને રિવાઈટલાઈઝ કરવા માટે ખાસ વિકસાવાયું છે. "કેમ્પા ક્રિકેટનો ઉદેશ બ્રાન્ડ કેમ્પા અને ભારતના સૌથી મોટા ઉન્માદમાં સ્થાન ધરાવતી, ક્રિકેટની રમત વચ્ચે મજબૂત જોડાણ સ્થાપિત કરવાનો છે. ક્રિકેટના ચાહકો તેમના ફેવરિટ ક્રિકેટર્સ માટે ચીયર કરી રહ્યા હોય અથવા તો તેમની રોજિંદી કામગીરી હાથ ધરી રહ્યા હોયઆ પીણું ઈલેક્ટ્રોલાઈટ્સથી ભરપૂર હોવાથી તે નમકની આપૂર્તિ કરીને શરીરને નવપલ્લિત કરી દે છે અને લેમની રિફ્રેશમેન્ટ પણ પૂરૂ પાડે છે," એમ **RCPL**ના પ્રવકતાએ જણાવ્યું હતું.

કેમ્પા ક્રિકેટ સખ્યાબંધ ફોર્મેટમાં ઉપભોક્તાઓ સમક્ષ ઉપલબ્ધ થશે, જેમાં ૨૫૦ મિલિના પેકનો સમાવેશ થાય છે જે રૂા.૨૦ની કિંમતે ઉપલબ્ધ થશે, જ્યારે ૫૦૦ મિલિ પેક રૂા.૩૦ની કિંમતે ઉપલબ્ધ થશે. આ પીણું કર્ણાટક, તમિળનાડુ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને ઉત્તરપ્રદેશ સહિતના મુખ્ય રાજ્યોમાં લોંચ કરવામાં આવશે.

કેમ્પા ક્રિકેટની પ્રસ્તુતિ એ વાજબી કિંમતે ભારતીય ઉપભોક્તાઓને ઉચ્ચ ગુણવત્તાશીલ અને નવતર પ્રોડક્ટ્સની વિશાળ રેન્જ પ્રસ્તુત કરવાના **RCPL**ના લક્ષ્યની સાક્ષી પૂરે છે. આ લોન્ચ સાથે **RCPL** કેમ્પા, રાસકિક, અને સોસ્યો હજૂરીનો સમાવેશ




ધરાવતા પીણાંની વૃદ્ધિ પામતી બેવરેજ રેન્જને સુદૃઢ બનાવી રહી છે. **RCPL**નો વૈવિધ્યસભર એફએમસીજી પોર્ટફોલિયો હાલ તેની પોતાની બ્રાન્ડ ઈન્ડિપેન્ડન્સ હેઠળ દૈનિક વપરાશની ચીજો, લોટસ ચોકોલેટ્સ અને ટોફીમેન તરફથી કન્ફેક્શનરી, શ્રીલંકાની અગ્રણી બિસ્કીટ બ્રાન્ડ માલિબાન, એલન્સ બગલ્સ કોર્ન ચિપ્સ તથા હોમ એન્ડ પર્સનલ કેર પ્રોડક્ટ્સને ડોઝો, એન્ઝો તથા ગેટ રિયલ જેવી બ્રાન્ડ્સ હેઠળની વિશાળ રેન્જ ધરાવે છે.

# ગીરગઢડા તાલુકાનાં ધોકડવા ગામે જુગાર દરોડો : ૭ ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨

ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામે મોતિસર ગામે જતા રોડ ઉપર ચામુંડા સોસાયટીમાં જાહેરાતમાં રૂપિયાની હારજીતનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે ગીરગઢડા પોલીસ સ્ટેશન ના પી. એસ.આઈ. આર.એચ. સુવા, એ.એસ.આઈ. સરમણભાઈ બી. છેલણાં, ગોવિંદભાઈ કે.મેર, પોલીસ હેડ.કોન્સ્ટેબલ ભરતભાઈ બી. રામ અને પોલીસ કોન્સ્ટેબલ ધરમસિંહ એમ. ગોહીલ પહોંચી જાહેરમાં રૂપિયાની હારજીતનો જુગાર રમતા વિપુલ ભીખા બલદાણીયા , જાના કાના બલદાણીયા, નગા ગોલણ ચાવડા, આમીન ફકીર મહમદ મન્સૂરી રે. તમામ ધોકડવા મનું રાણા રે. પચપચિયા તા. ખાંભા, જગુ ઉર્ફે



જગદીશ ધીરૂ ખસીયા દરબાર રે. ઉમેજ તા.ઊના જયસુખ જોરૂ સોલંકી રે. ધુંધવાળા તા. ખાંભા મળી કુલ ૭ લોકોને જુગારનું સાહિત્ય અને રોકડા રૂપિયા ૩૬૭૦૦/સાથે પકડી ગીરગઢડા પોલીસ સ્ટેશન લાવી ગુનો દાખલ કરી કાર્ય વાહી કરી હતી.



શ્રાવણ માસ અને અધિકમાસમાં એકટાણા કર્યા તોય વજન ન ઘટયું !



હંમણા તારૂ પણ વજન વધી ગયું લાગે છે , ડાયેટીંગ કરતો જા !

# સંપ્રદાયના વડાઓ જાગો....

ભારત દેશની વિશીષ્ટતા એ છે કે અહી જુદા જુદા ધર્મો અને જુદી જુદી સંસ્કૃતીઓ એકી સાથે ખીલી રહી છે અને ભારતના બંધારણે પણ આ બાબતે પુરતી કાળજી રાખીને દરેકને ધાર્મીક સ્વાતંત્રતા આપેલી છે પરંતુ તેની સાથે ભારતના બંધારણે વ્યાજબી નિયંત્રણો **Reasonable Restrictions** મુકેલ છે આથી ભારતના બંધારણની જોગવાઈ મુજબ દરેક પોતાની મર્યાદામાં રહી શકે છે પરંતુ ભારતના બંધારણે જે વાણી સ્વાતંત્રતા તથા અન્ય મુળભુત અધીકારો સબબ **Reasonable Restrictions** છે. તે ધ્યાને લેવા જોઈએ ભારતના બંધારણે ધાર્મિક સ્વતંત્રતા આપી છે તેનો અર્થ એ થાય કે તમો કોઈ પણ ધર્મનું પાલન કરી શકો છો. કોઈ પણ ધાર્મીક વિધી કરી શકો છો અને કોઈ પણ ધાર્મીક માન્યતા મુજબ તમારૂ જીવન ગાળી શકો છો પરંતુ સાથો સાથ એ પણ ભારતનું બંધારણ જણાવે છે કે જો તમોને ધાર્મીક સ્વાતંત્ર હોય કે વાણી સ્વાતંત્રતા હોય તો તેની સાથે એ પણ ગર્ભીત ફરજ બંધારણ લાદે છે કે બીજાના ધર્મને પણ તમારે આદર અને સત્કાર કરવો જોઈએ ટુકમાં ભારતમાં તમારા ધર્મનું તમારી રીતે પાલન કરવા ઉપર કોઈ પ્રતિબંધ નથી તે જેટલું ખરૂ છે તેટલું જ એ પણ ખરૂ છે કે બીજાની ધાર્મીક માન્યતામાં હસ્તક્ષેપ કરવાનો તમોને કોઈ અધીકાર પણ નથી. ભારત દેશમાં એટલી બધી સંસ્કૃતીઓ છે અને એટલા બધા ધર્મો છે છતાંય આજ સુધી ભારતમાં બધા જ ધાર્મીક સ્વાતંત્રતા ભોગવીને બંધારણની મર્યાદામાં વાણી સ્વાતંત્ર પણ ભોગવતા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ દેશમાં આ વાતાવરણ દુષીત થવા લાગેલ છે અને તે ખુબ જ ગંભીર બાબત છે તમારો ધર્મ સાચો છે એ બાબત માટે તમો ગમે તે બોલો ગમે તે વર્તન કરો તે આ દેશમાં કદાચ ચલાવી લેવાય પરંતુ બીજાનો ધર્મ ખોટો છે કે નિંદા પાત્ર છે તે બંધારણના વાણી સ્વાતંત્રતાના આર્ટીકલમાં કયાંય આવતું નથી. આમ છતાં થોડાક સમયથી ગુજરાતમાં ચોકકસ સંપ્રદાયના લોકો એવું વર્તન કરવા લાગેલ છે કે બીજા સંપ્રદાયના લોકોની લાગણીઓ દુભાય આના માટે એક ધારાશાસ્ત્રી તરીકે ચોકકસ પણ કાયદાની કલમ ટાકીને એમ જણાવી શકીએ કે આ કલમ નીચે આ ગુન્હો છે પરંતુ આજે આ કાયદાની વાત અત્રે કરવાની નથી કારણ કે આવા પ્રશ્નો કાયદાની એરણે ચડાવવા કરતા સામાજીક લેવલે પતાવવા જ ઉચીત છે. અમારી તો માન્યતા એ છે કે ચોકકસ સંપ્રદાયના એક સાધુએ અન્ય સંપ્રદાય વિશે લાગણી દુભાય તેવું બોલેલ છે તો પ્રથમ તો તે ધર્મના સવૌચ્ચ વડાને પુછવું જોઈએ કે આ તમારા સાધુ ખરેખર તમારી કે સંપ્રદાયની સુચનાથી આવુ બોલે છે કે તેમની વ્યકિતગત કેપેસીટીમાં બોલે છે અને તે સાધુ તમારા અંકુશમાં હોય તો આવા નિવેદનો બદલ તેમને તમો અટકાવવા ધારો છો કે કેમ ? આ રીતે સંપ્રદાયના વડા લેવલે જો વાતચીત થઈ જાય તો અમારા માનવા મુજબ મોટા ભાગના પ્રશ્નોનો ઉકેલ મળી જાય અને સંપ્રદાયના સવૌચ્ચ વડા એમ જણાવે કે આ સાધુ એ જેણે નિવેદન કરેલ છે તેણે અમારા સંપ્રદાયનો કે અમારો ટેકો નથી તો પછી વાત વ્યકિતગત થઈ જાય છે અને જે સાધુએ આવા નિવેદન કરેલ હોય તેમની સામે કડકમાં કડક કાનુની પગલાઓ ભરવા જોઈએ પરંતુ તેમા સંપ્રદાય આખો લેવો ન જોઈએ. આજે અમારો આ લખવાનો હેતુ એ જ છે કે દરેક જ્ઞાતી વર્ગ, કે સંપ્રદાયમાં કેટલાક એવા લોકો પણ હોય છે કે જે સંપ્રદાય વર્ગ કે જ્ઞાતીની પરંપરાથી વિરૂધ્ધ બોલવા ટેવાયેલા હોય છે આવા વ્યકિતગત નિવેદનોથી આખા સંપ્રદાયને બદનામ કરવાની જરૂર નથી પરંતુ તેમની સામે વ્યકિતગત કાનુની યુધ્ધ જેમાં બદનક્ષીની ફોજદારી ફરીયાદ ઈ.પી.કો.કલમ-૫૦૦ તથા ધાર્મીક લાગણીઓ દુભાવવા અંગે કલમ-૨૯૫(એ) કે કલમ-૨૯૮ નીચે શિક્ષા પાત્ર ગુન્હાની ફરીયાદ થઈ શકે. પરંતુ આજે અમો આ કાનુની સલાહ આપવા માટે આ આર્ટીકલ લખતા નથી પરંતુ ફકત એક વ્યકિતના ઉચ્ચારણના કારણે આખા સંપ્રદાય બદનામ થતો હોય તો સંપ્રદાયના વડાની ફરજ છે કે તેણે આ પ્રકરણ તાત્કાલીક હાથ ઉપર લઈને જે વ્યકિત સંસ્થા કે સાધુએ આવું નિવેદન કરેલ હોય તેની સામે સંપ્રદાય લેવલે પગલા ભરી જાહેર નિવેદન કરી દેવું જોઈએ કે આ ચોકકસ વ્યકિત, સંસ્થા કે સાધુનું વ્યકિતગત નિવેદન છે અને તેને સંપ્રદાયનો ટેકો નથી. તે જ રીતે જે લોકોની લાગણી દુભાણી હોય તેમને પણ આવા કોઈ પણ પગલા ભરતા પહેલા તે વ્યકિત સંસ્થા, કે સાધુ જે સંપ્રદાયના હોય તેના સવૌચ્ચ વડા સમક્ષ આરજુઆત કરવી જોઈએ કે આ નિવેદનને તમારૂ સમર્થન છે કે કેમ ? અને જો ન હોય તો તે બાબત જાહેર નિવેદન આપી દો. આ રીતે કેરીના ટોપલામાં એક સડેલી કેરી હોય તો આખા ટોપલા સામે કાર્યવાહી કરવાને બદલે તેમા એક સડી ગયેલી કેરી છે તેને બહાર ફેકી દેવાથી સમગ્ર કેરીનું બોક્ષ બચી જતું હોય તો તે પ્રકારે પગલા લેવા જોઈએ આથી જ અમારી વિનંતી છે કે જયારે જયારે આવા વિવાદાસ્પદ નિવેદનો અને ખાસ કરીને ધાર્મીક લાગણી દુભાય તે પ્રકારે નિવેદનો થાય ત્યારે બંને ધર્મના વડાઓ ભેગા થઈને ચર્ચા કરીને શકય હોય તો ઉકેલ ગોતે નહી તો જે વ્યકિત સંસ્થા કે સાધુએ આવું નિવેદન કરેલ હોય તેમનો બચાવ સંપ્રદાય કરશે નહી તેવું જાહેર કરીને સ્પષ્ટ પણે જાહેર કરી દેવું જોઈએ કે તેને સંસ્થાનો ટેકો નથી. આથી ઘણા જ પ્રશ્નોનો ઉકેલ થઈ જશે અને સૌથી દુઃખની વાત એ છે કે જે સંપ્રદાયો વચ્ચે હાલમાં વિવાદ થઈ રહ્યો છે તે બધા જ સનાતન ધર્મના જુદા જુદા અંગો છે અને આ રીતે એક જ મુળ ધર્મની નીચેની વડવાઈઓ ઝઘડે તે કેટલું વ્યાજબી છે ? જો હાથમાં કેન્સર થયું હોય કે પગમાં ગેગરીંગ થયું હોય તો હાથ કે પગ કાપી નાખવો તેજ વ્યાજબી છે નહીતો આખા શરીરમાં આ ચેપ ફેલાઈ જશે એમ સંપ્રદાયના વડાઓને બે હાથ જોડીને વિનંતી છે કે જયારે જયારે આવા વિવાદાસ્પદ નિવેદનો તેમના સંપ્રદાયની વ્યકિત, સંસ્થા કે સાધુ દ્વારા થાય ત્યારે તેની તુરંત જ નોંધ લઈને તેને અટકાવો અને ન અટકાવી શકાય તો તે જાહેર કરી દો કે જેમણે આવું નિવેદન કરેલ છે તેમને સંપ્રદાયનો ટેકો નથી અને તેણે જે વાણી વિલાસ કરેલ છે તે તેનો અંગત મામલો છે અને સંપ્રદાય કોઈ બચાવ કરશે નહી. આથી સંપ્રદાયના વડાઓને એટલી જ વિનંતી છે કે કોઈ ધર્મમાં લખેલું નથી કે ભારતમાં બંધારણમાં લખેલ નથી કે બીજાના ધર્મનું અપમાન કરો અથવા તમોને ભારતના બંધારણે આપેલ વાણી સ્વાતંત્રતાનો ઉપયોગ બીજાની લાગણીને દુભાવવા માટે કરો, તે કોઈ પણ સંજોગોમાં ચલાવી શકાય તેવું છે જ નહી. પરંતુ અમારો ઉદેશ એ છે કે આવો પ્રશ્ન જાહેરમાં ઉજાગર થાય તે પહેલા જ સંપ્રદાયના વડાઓએ તે સુલજાવી નાખવો જોઈએ અને તે માટે સંપ્રદાયના વડાઓની મોટી જવાબદારી છે. માટે આવા કોઈ પણ પ્રકરણમાં કાનુની યુધ્ધ થાય કે એકબીજા વચ્ચે વયમનસ્ય થાય તેવા નિવેદનો અને પ્રતિનીવેદનો થાય તે પહેલા સંપ્રદાયના વડાઓ જાગો અને ધાર્મિક એખલાસ જાળવવાની જે ભારતીય પરંપરા હતી તેને ઉજાગર કરો અને સૌથી કમનસીબ બાબત એ છે કે આ બધા જ વિવાદાસ્પદ નિવેદનો કરનારા અને તેનાથી જેની ધાર્મીક લાગણીઓ દુભાય છે તે બંને સનાતન ધર્મની જ એક શાખા છે આથી વડની વડવાઈઓ એકબીજા સામે તકરાવ ત્યારે મુળ વૃક્ષે જ પગલા લેવા જરૂરી અને અનીવાર્ય છે તેજ રીતે સંપ્રદાયના અગ્રણી અને સવૌચ્ચ વડાઓ હોય તે આ પ્રશ્ને જાગૃત થાય અને આ દેશની ધાર્મીક સ્વાતંત્રતાને સાચા અર્થમાં ઉજાગર કરીને અન્ય ધર્મની લાગણીઓ દુભાય તેવા નિવેદનો કરે નહી અને તેનો પ્રચાર અને પ્રસાર બંધ થાય તે જરૂરી છે.

**- કિરીટકુમાર સંઘવી 'સંયોજક - વન મેન આર્મી'**

## 'માં' અંબાના આર્શિવાદ સાથે ફરજના શ્રીગણેશ કરનારા જાંબાઝ જીલ્લા કલેકટરને પ્રશ્ન કરતી જનતા...

# મહાનગરમાં કોના પાપે કરોડો રૂપિયાના ખર્ચે બનેલા રસ્તાઓ તુટી ગયા ? તેની કોઈ તપાસ કેમ થતી નથી ?

## હંમેશા મેઘરાજા પર દોષનો ટોપલો ઘોડી દેવાની કુટેવ ધરાવતા મનપાના શાસકો સામે ભભૂકતો લોક પ્રકોપ ?

**મહાનગરમાં ફરતા.. ફરતા..**
**- ગોરધન પાઘડાર**
**સિનીયર પત્રકાર**

જૂનાગઢ તા. ૨

જૂનાગઢના ઐતિહાસીક ગરવા ગિરનાર પર્વત કે પછી ગીરના જંગલ વિસ્તારના રસ્તાઓની કલાસીકલ તસ્વીરો-ફોટાઓ પ્રાકૃતિક દ્રષ્ટીએ અતિ સુંદર નયનરમ્ય લાગે... એટલું જ નહી તાજેતરમાં ચંદ્રની ધરતીને ધમધોળતું ચંદ્રયાન-૩ ત્યાના ગાંબડાઓ-ખાડાઓની તસ્વીરો દેશને મોકલે તે એક સિધ્ધિ અને ગૌરવરૂપ મનાય !

જયારે જૂનાગઢ મહાનગરના મુખ્ય કે પછી તેને જોડતા નાના મોટા માર્ગો પરની એકથી એક ચડીયાતા ખાડાઓ ગાબડાઓની જો કોઈ ચોથીજાગીર પત્રકાર તસ્વીર ખેંચે તો તે તસ્વીર મહાનગરના વિકાસ નામે કરોડે રૂપિયાના ખર્ચે બનાવેલા રોડ-રસ્તાના કામો શાસકો માટે અતિ શરમજનક છે.

જૂનાગઢના કલેકટરની જાણે કે ગરવા ગિરનાર પર બિરાજતી માં જગંદબા એવા અંબાજી માતાજીએ કસોટી કરી હોય તેમ જૂનાગઢ જીલ્લા કલેકટર કે જેના કાયમી ફરજના બેસણા મહાનગર જૂનાગઢમાં છે તેવા મહાનગરની ભૌગોલિક પરિસ્થિતિનો અભ્યાસ કરે તે પહેલા અતિ ભારે થયેલા વરસાદથી મહાનગરમાં સર્જાયેલ તારાજીનો સામનો આજની તારીખે પણ કરી રહયા છે.

કુદરતી આફતોના સમયે જીલ્લા કલેકટરની જનતા પ્રત્યેની જવાબદારીઓ સવિશેષ વધી જતી હોય છે જેમાં ખાસ કરીને જાનમાલને થયેલા નુકશાન બાબતનો સમાવેશ થતો હોય છે. કુદરતી આફત એ એક અણધારી વણનોતરી આફત હોય છે જેમાં કોઈ માનવ શાસકો પર કે પ્રસાશન પર જવાબદારીનું ઠીકરૂં ફોડવામાં આવતું નથી !

પરંતુ કુદરતના કારણે નહી પરંતુ શાસકર્તાઓના પાપનો ગેરરીતીઓ, લાપરવાહી, બેદરકારી કે પછી ભ્રષ્ટાચારના કારણે જે કોઈ તારાજી કે પછી માનવા જાનમાલ મિલ્કતોને કે પછી જાહેર સુખ શાંતિના માધ્યમોને સરકારી તિજોરીમાંથી ખર્ચવામાં આવેલા નાણાનો જો દેખિતો વ્યય થયેલો જોવા મળે તો જીલ્લા કલેકટરની એક જીલ્લાના વહીવટી સરકારી અધિકારી તરીકે બેવડી જવાબદારી વધી જતી હોવાનું શું લાગતું નથી ?

આમેય જીલ્લા કલેકટરશ્રીએ જૂનાગઢમાં પોતાની ફરજના શ્રીગણેશ કરતા પહેલા ગરવા ગિરનાર પર બિરાજતા જગત જનની માં જગદંબા અંબા દરબારમાં માથુ ટેકવીને કોઈ સારા શુભ સંકલ્પ સાથે પોતાની પવિત્ર ફરજનો શુભારંભ કરેલો. એટલુ જ નહી. કુદરતી આફત સામે ખડેપગે જનતાની અસરગ્રસ્તોની પડખે ઉભા પણ રહયા. તે સમયે જૂનાગઢની ભૌગોલિક કે પછી રાજકીય પરિસ્થિતિથી એટલા વાકેફ ન હતા. પરંતુ બે દિવસની કુદરતી આફતે આપણા લોકલાડીલા જીલ્લા કલેકટરને થોડામાં ઘણું કહી દીધું મતલબ કે બધુ જ સમજી ગયા હોય તેમ તેઓએ મહાનગરની જનતાને પૂર્વવત કરવાની પ્રજાકીય કામગીરીને પ્રથમ અગ્રતા આપવાનો મનસુબો વ્યકત કરી તે દિશામાં ખાસ કરીને વરસાદી પાણીના નિકાલ માટેના કુદરતી પ્રવાહોને અટકાયતરૂપ એવા ગેરકાનુની દબાણો બાંધકામોનો પોતાની અંગત દેખરેખ હેઠળ સર્વે કરવા મનપાને આદેશ કરવાની સાથોસાથ મનપાની કહેવાતી બેદરકારી કે પછી અણઆવડતના કારણે સરકારી ગ્રાન્ટોમાંથી કરવામાં આવેલા રોડ-રસ્તાના વિવિધ કામોને વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે થયેલા નુકસાન ચંદ્રયાને મોકલેલ ચંદ્ર પરની ધરતીના ઉબડ ખાબડ ગાબડા યુકત તસ્વીરોને શરમાવે તેવા મહાનગરના ખાડાયુકત જાહેર માર્ગોને ઠીકઠાક કરવાની કામગીરીને પ્રથમ અગ્રતા આપવાની મનપાને સુચના કરવામાં આવેલ પરંતુ જાડી ચામડીના કહેવાતા માલખાઉ શાસકોએ પોતાની જવાબદારીનો ઓળીયો-ગરીયો મનપાનાં કમિશ્નર પર ઢોળીને હાથ ઉંચા કરી દેવામાં આવતા અત્યારે મહાનગરનો એકપણ માર્ગ રોડ કે આતંરીક રસ્તો એવો નથી કે જયાં સામાન્ય નાગરીક પોતાની સલામતી કે સુખાકારી અનુભવી શકે ! નાના મોટા વાહનો તો ઠીક પરંતુ સામાન્ય સહકારી પગપાળા ચાલી શકે તેવા એકપણ સલામતી માર્ગ જોવા મળતો નથી !

જૂનાગઢનો મુખ્ય એમજીરોડ હોય કે પછી જવાહર રોડ કે પછી મજેવડી ગેઈટથી રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેશનથી લઈને ઝાંઝરડા રોડ હોય પરંતુ શહેરનો એકપણ મુખ્ય માર્ગ એવો જોવા ન મળે કે અડધા ફુથી લઈને ફુટફુટના ખાડાઓ તે પણ મીટર કે ફુટના અંતરે નહી પરંતુ ઈંચના અંતરે ખાડાયુકત જોવા મળે છે.

જો કે તાકીદની અસરથી મહાનગરના મુખ્ય માર્ગો પર ખાડાઓ પુરવાની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરી હતી. પરંતુ તેમા પણ લોટ-પાણીને લાકડાની જેમ માત્ર મોરમ એક પ્રકારની સ્મુથ કાંકરી પાથરેલ હોવાથી ભારે વાહન વ્યવહાર અને કેટલાક થયેલા કામોની તોડફોડના કારણે મહાનગરની જનતા ઉલમાંથી ચુલમાં પડી હોય તેટલી યાતના હાડમારી ભોગવી રહી છે. બીજો શ્રાવણ માસ ચાલી રહયો છે. સાતમ આઠમના તહેવારો નજીકમાં છે. હવે પછી ભારે વરસાદના પણ કુદરતી સંકેતો મળતા નથી. ત્યારે મહાનગરના મુખ્ય માર્ગો પર લાખો લોકોની વિવિધ કામો સબબ અવર જવર વધી છે.

મુખ્ય માર્ગો પર ટ્રાફીકજામ થાય તે પ્રકારે ખાડાઓ વીલન બની જતા નાના મોટા વાહનો રોડના ખાડાઓમાં ફસાય જાય તેવા વિહામણા ખાડાઓ અને ઉપરથી ઉડતી ધુળની ડમરીનાં કારણે લાખો લોકો ત્રાહીમામ પોકારી ગયા હોય અત્યારે તો તમામ નાગરીકોએ એકમાત્ર સરકારી વહીવટી અમલદાર એવા જીલ્લા કલેકટર સામે મીટ માંડીને બેઠા છે કે સાતમ આઠમ, નોરતા અને દિવાળીના તહેવારો પહેલા લોકોની મુશ્કેલીઓ હળવી કરે.

ટુંકમાં જૂનાગઢમાં ભવનાથ જવાનો માર્ગ હોય કે પછી મહાનગરની બહારના માર્ગો હોય જે આજે કહેવાતા ભાજપના શાસકોની બેદરકારી કે પછી અણઆવડતના અભાવે અતિ ભંગાર શાલના બની ગયા છે. આજે આપણે આઝાદી પૂર્વેના એક અતિ લોકપ્રિય અને પ્રજાવત્સલ્ય રાજાની વાત કરવી છે તે છે ગોંડલના રાજા ભગવતસિંહજીની ! ગમે ત્યારે નગરચર્ચામાં નિકળતા ત્યારે પોતે જે બગીમાં બેઠા હોય તે બગી સાથે એક પાણી ભરેલો ગ્લાસ રાખતા હતા અને જો તે રસ્તે જતા ઢોળાઈ અને જો નાનો સરખો ખાડો દેખાય તો તુરત જ પગલાઓ લેવાતા. તે સામે જૂનાગઢ મહાનગરના શાસકો પ્રતાપે કોઈ નવ માસનો ગર્ભધારણ કરેલ કોઈ માતા જો કદાચ મોંઘામાં મોંઘી ફોર વ્હીલમાં દવાખાને નીકળે ને તો પણ રસ્તામાં જ પ્રસવ થઈ જાય તેવા રસ્તાઓ હોવા છતાં કોઈ એકાદ શાસકો કે કોઈ આગેવાનને લોકોની વેદના સંભળાતી નથી ! સૌથી આઘાતજનક તો ન કહેવાય પરંતુ લોકશાહી રાજની જનતાની કમનસીબી તો એ છે કે વિકાસના નામે થયેલા લાખો કરોડો રૂપિયાના બીલો ચુકવણા કરવા માટે દરેક અધિકારી-શાસકોનું કાર્યક્ષેત્ર નકકી છે. પરંતુ જયારે આ વિકાસના કામો ધુળ-ઢેફુ પુરવાર થાય ત્યારે કોઈની જવાબદારી નિર્ધારીત નકકી થતી નથી ખાસ કરીને દરેક ભ્રષ્ટ મનાતા શાસકો અને અમલદારોને એક વાતની હૈયે ધરપત છે કે દર વર્ષે ચોમાસુ વરસાદ તો થવાનો જ છે જે કુરદતી ક્રમનો ઋતુનો બરાબરનો ફાયદો લાભ કહેવાય છે કે ભ્રષ્ટ શાસકો અને અમલદારો બુધ્ધિપૂર્વકનો ઉઠાવીને તમામ દોષનો ટોપલો વરસાદ પર ઢોળીને બિન્દાસ્તપણે પોતાની વગથી સરકાર પાસેથી તેજ કામના કરોડો રૂપિયા મેળવી લાવે છે. પરંતુ સરકાર પણ આવા કહેવાતા ભ્રષ્ટ શાસકોને પુછવા સુધ્ધા કરતી નથી કે કોના પાપે રસ્તાઓ તુટયા છે?

# શ્રી આહીર કર્મચારી મંડળ જૂનાગઢ દ્વારા પંચામૃત કાર્યક્રમનું આયોજન

જૂનાગઢ તા.૨

આગામી સમયમાં શ્રી આહીર કર્મચારી મંડળ જૂનાગઢ આયોજીત સન્માન સમારોહ (પંચામૃત કાર્યક્રમ)યોજાનાર છે. જેમાં જૂનાગઢ શહેરમાં વસતા ધો.૬થી ૧૨નાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન સપ્ટે.-૨૨ બાદ નિવૃત થયેલા કર્મચારીઓ-અધિકારીઓનું સન્માન, વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત કરનારનું સન્માન, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતાનું સન્માન, કલાસ ૧-૨માં સીધી ભરતીથી નિમણુંક પામેલા અધિકારીઓનું સન્માન કરવામાં આવનાર છે. જે અંગેનાં ફોર્મ નિયત જગ્યાએથી મેળવી ત્યાં જ મોડામાં મોડા તા.૧૦-૧૦-૨૦૨૩ સુધીમાં જરૂરી ડોકયુમેન્ટસ સાથે જમાં કરાવી આપવાનાં રહેશે. યોજાનાર સન્માન સમારોહની તારીખ અને સ્થળ નકકી થયેથી અલગ જાણ કરવામાં આવશે. વધુ વિગત માટે મહેન્દ્રભાઈ જાદવ - ૯૮૨૪૨ ૩૩૬૫૫, સુરેશભાઈ મારૂં - ૮૮૬૬૬ ૬૪૮૬૬, દેવાભાઈ વીંછી - ૯૯૨૫૨ ૫૫૮૫૫, રાજુભાઈ ભેડા ૯૬૩૮૧ ૮૮૬૫૫, વેજાણંદભાઈ ઝાલા ૯૮૨૫૬ ૨૮૫૪૯, પરબતભાઈ ચાંડેરા ૯૯૦૯૯ ૩૪૬૮૦નો સંપર્ક સાધવા જણાવેલ છે. આ ઉપરાંત ફોર્મ ફુલેશ્વર પાન-દિપાંજલી, વિશાલ પાન-દિપાંજલી (જશુભાઈ), રામદેવ ઓટો - મધુરમ ગેઈટ પાસે(ટીંબાવાડી ગેઈટ), ક્રિષ્ના સ્ટેશનરી-મોતીપેલેસ(પેટ્રોલ પંપ પાસે ટીંબાવાડી), રિવીલપાન-એગ્રી કેમ્પસ ગેઈટ સામે, મધુરમ પાન-ગાંધીગ્રામ (હાજાભાઈ કલસરીયા), મુળુભાઈ એમ. ચાવડા-દોલતપરા (ક્રિષ્ના સિમેન્ટ પાસે), આહીર બોર્ડીંગ-દાતાર રોડ, મંગલનાથબાપુની જગ્યા-ભવનાથ, દ્વારકાધીશ સ્ટેશનરી-ઝાંઝરડા રોડ-રોયલ કોમ્પ્લેક્ષ, ક્રિષ્ના ડીલક્ષ પાન (મુનાભાઈ) કલેકટર ઓફીસ પાસે ખાતેથી મેળવી લેવા એક યાદીમાં જણાવેલ છે.

## દેવભૂમિ દ્વારકામાં કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલનું આગમન પ્રજાલક્ષી પ્રશ્નો અંગે આંદોલનનું રણશિંગુ ફૂંકવા હાકલ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

દેવભૂમિ દ્વારકા ખાતે ગઈકાલે શુક્રવારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના નવનિયુક્ત પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલની ખાસ ઉપસ્થિતિમાં કાર્યકર્તા સંવાદ અને જિલ્લા કોંગ્રેસ વિસ્તૃત કારોબારીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજયમાં હાલ પ્રવર્તી રહેલી મોંઘવારી, બેરોજગારી, પાકવિમો, જમીન માપણી, કલ્યાણપુરનો સાની ડેમ તાત્કાલિક રીપેર કરવો, માછીમારોની સમસ્યા અને જિલ્લાના સ્થાનિક પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ અંગે સરકારમાં રજૂઆત કરવા અને જરૂર પડે તો આ પ્રશ્નો હલ કરવા આંદોલન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે શક્તિસિંહ ગોહિલનું કોંગી આગેવાનો, હોદેદારોએ વિશિષ્ટ સન્માન કરી, આવકાર્ય હતા. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના મુખ્ય પ્રવક્તા શ્રી મનીષભાઈ દોશી સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લા કોંગ્રેસ સમિતીના પ્રમુખ યાસીનભાઈ ગજ્જન, ભીખુભાઈ વારોતરીયા, સારાબેન મકવાણા, ડો. રણમલભાઈ વારોતરીયા, મુળુભાઈ કંડોરીયા, પાલભાઈ આંબલીયા, એભાભાઈ કરમુર, અરજણભાઈ કણઝારીયા, વિક્રમભાઈ કંડોરીયા,



લક્ષ્મણભાઈ આંબલીયા, લક્ષ્મણભાઈ સુમણીયા, ગિરધરભાઈ વાઘેલા, વિગેરે સાથે પક્ષના આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## દ્વારકાના ગોમતી ઘાટ પર સ્નાન માટે આવતા મહિલાઓ માટે ઘડી કંપની દ્વારા ચેન્જીંગ રૂમની વ્યવસ્થા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

દેવભૂમિ દ્વારકાના કુરંગા સ્થિત આર.એસ.પી.એલ. (**RSPL** ઘડી) કંપની દ્વારા સામાજિક સેવા પ્રવૃત્તિના ભાગરૂપે દ્વારકાના ગોમતી ઘાટ ખાતે ગોમતી સ્નાન માટે આવતા મહિલાઓ માટે ચેન્જીંગ રૂમની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી છે.

આગામી દિવસોમાં મહાપર્વ એવા જન્માષ્ટમી દરમ્યાન દ્વારકામાં લાખોની સંખ્યામાં યાત્રાળુઓ, ભક્તો ભગવાન દ્વારકાધીશના દર્શન અને ગોમતી સ્નાન કરવા માટે દ્વારકા આવશે. ત્યારે ભારે ભીડ વચ્ચે મહિલાઓને ગોમતી સ્નાન કર્યા બાદ કપડાં બદલવા માટે કોઈ મુશ્કેલી ન પડે તે હેતુથી ઘડી કંપની દ્વારા મહિલાઓ માટેના આ ચેન્જીંગ રૂમ જેવી મહત્વની વ્યવસ્થા કરવામાં આવી છે.

## કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ દ્વારકા શારદા પીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજના આશીવાર્દ પ્રાપ્ત કર્યા



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨

પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ તેમજ કલાઈમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાતે પધાર્યા હતા.

મંત્રી દ્વારકા ખાતે શારદા પીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્યસ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજના જન્મોત્સવ નિમિતે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કેબિનેટ મંત્રીશ્રીએ શારદા પીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્યસ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **પોપટીયા ફેમીદા અશરફભાઈ** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **પોપટીયા ફેમીદા અશરફ** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**પોપટીયા ફેમીદા અશરફ**

ડી-૨/બ્લોક નં.૩, કરીમાબાદ હાઉસીંગ સોસાયટી, સક્કરબાગ પાસે, જૂનાગઢ

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **પોપટીયા અશરફભાઈ રજબભાઈ** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **પોપટીયા અશરફ રજબઅલી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**પોપટીયા અશરફ રજબઅલી**

ડી-૨/બ્લોક નં.૩, કરીમાબાદ હાઉસીંગ સોસાયટી, સક્કરબાગ પાસે, જૂનાગઢ

# જૂનાગઢના નરસિંહ મહેતા સરોવરને કુદરૂપુ બનાવવાની ચીવટ રાખનારાઓને રસ્તા સુધારવાની ઉતાવળ નથી : જૂનાગઢના મહિલા અગ્રણીનો ઉગ્ર આક્રોશ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨

જૂનાગઢ શહેરની દુર્દશાના જવાબદારો સામે કડક પગલા ભરવાની માંગણી જનતા જનરાધનમાં પ્રર્વતી રહી છે અને વારંવાર આ અંગે પ્રજામાંથી ઉગ્ર આક્રોશ પણ જોવા મળે છે. પ્રજાકીય ફરિયાદો અને આક્રશો જૂનાગઢના સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્ર દ્વારા વાંચા આપવામાં આવે છે. ગઈકાલે પણ જૂનાગઢ શહેરના વોકળાઓ અંગેની વ્યથા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક દ્વારા પ્રગટ કરવામાં આવી હતી તેમજ જૂનાગઢમાં પુરપ્રકોપનો જે દાવાનળ થયો હતો તેના જવાબદારો સામે કાનુની રાહે પગલા ભરવાની માંગણી કરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના નિયમિત વાંચક અને જાગૃત મહિલા અગ્રણીએ જૂનાગઢ શહેરના રસ્તાઓ અંગે પણ તીવ્રપ્રતિક્રિયા આપી છે. વૃધ્ધ નિકેતન સંસ્થાના મંત્રી અને વિવિધ સેવાકીયપ્રવૃતિ કરતા રજનીબેન પુરોહિતે એક યાદીમાં જણાવેલ છે કે, ગઈકાલે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકમાં વોકળાની વ્યથા વાંચી તેમજ વારંવાર આ પ્રશ્ન ચર્ચાયા કરે છે અને પ્રજાના આ પ્રશ્ને મિડીયા ખુબ જ ચિંતીત છે અને લોકોની ફરિયાદની વાંચા પણ આપી રહેલ છે પરંતુ આ પ્રશ્ને લોકજાગૃતીનો અભાવ લાગે છે તેવું પણ જણાવેલ છે. રજનીબેન પુરોહિતે વધુમાં જણાવેલ છે કે, ફકત વિચારવાથી આ પ્રશ્ન પતે તેમ નથી એટલું જ નહી કદાચ ફરી આવતું ચોમાસું આવી જાય તોય આ શહેરના જવાબદારોને પોતાના ઘરે પાણી નથી આવવાનું એવી ખાત્રી છે એટલે કોઈ નક્કર કામગીરી ઝડપથી થાય એવું દેખાતું નથી. નરસિંહ મહેતા સરોવરને કદરૂપુ બનાવવાની કામગીરી જેટલી ચિવટ છે એટલી જૂનાગઢના રસ્તાની દુર્દશા સુધારવાની કામગીરીની ઉતાવળ નથી. આમ આદમીની વ્યથા માટે જાગૃત નાગરિકોની સમિતિ બને અને તો જ નક્કર પરિણામ આવે તેવું રજનીબેન પુરોહિતે અંતમાં જણાવેલ છે. આ બાબતે જૂનાગઢ શહેરના કહેવાતા જાગૃત લોકો એ યોગ્ય કાર્યવાહી કરે તેવી આપેક્ષા રાખવામાં આવી છે.

# ભેંસાણ તાલુકાના વાંદરવડ સેવા સહકારી મંડળીના પ્રમુખ, મંત્રી સહિત ત્રણ સામે ૬,૫૬,૮૮,૪૦૭ની ઉચાપત અંગે ફરિયાદ : આરોપીની ધરપકડ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨

ભેંસાણ તાલુકાના વાંદરવડ ગામે બનેલા બનાવમાં વાંદરવડ સેવા સહકારી મંડળીના પ્રમુખ, મંત્રી સહિતના ત્રણ વ્યકિતઓ સામે રૂા.૬,૫૬,૮૮,૪૦૭ની ઉચાપત અંગેની ફરિયાદ નોંધાતા સહકારી ક્ષેત્રમાં ભારે ખળભળાટ મચી જવા પામેલ છે. આ બનાવ અંગે ભેંસાણ પોલીસે આપેલી વિગત અનુસાર અક્ષરધામ સોસાયટી, ભેંસાણ ખાતે રહેતા સચીનભાઈ કપીલભાઈ મહેતાએ ગોવિંદભાઈ ભીખાભાઈ કપુરીયા રહે.વાંદરવડ, કમલેશ બાલાશંકર દવે ઉર્ફે ભરાડ રહે. કૈલાશ પાર્ક, રમેશભાઈ ડાયાભાઈ રામાણી રહે.અર્થ દિપાલી પાર્ક, રણછોડનગર પાછળ, જૂનાગઢ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપી નં-૧ વાંદરવડ સેવા સહકારી મંડળી લી.ના પ્રમુખ અને આરોપી નં-૨ મંત્રી અને આરોપી નં-૩ જે-તે વખતના જૂનાગઢ જીલ્લા સહકારી બેંક જૂનાગઢના ભેસાણ બ્રાન્ચના મેનેજર નાઓએ એક બીજા સાથે મળીને ફરીયાદીની બેંક પાસેથી લીધેલ ધીરાણ અન્વયે ખેડુત સભાસદોના ખોટા લોન ખાતા ઉભા કરી અને ખોટા સરવૈયા બનાવી રજુ કરી અને ખોટા હિસાબો બનાવી આ હિસાબો ખોટા હોવાનું જાણવા છતા તેને સાચા તરીકે બતાવી ઉપયોગ કરી અને બેંકમા રજુ કરી ખોટા દસ્તાવેજો બનાવી તે ખોટું હોવાનું જાણવા છતા તેને સાચા તરીકે બતાવી ઉપયોગ કરી બેંકમાં રજુ કરી વાંદરવડ સેવા સહકારી મંડળી લી.ના રોજબરોજના વહીવટ ઉપર અપ્રમાણીક ઈરાદાથી દેખરેખ ન રાખી તેમજ ગુનાહીત ઈરાદાથી એકબીજાએ આચરેલ ગેરરીતીમાં મદદગારી કરી ગુનાહીત કુત્ય કરી પોતે આચરેલ નાણાકીય ગેરરીતી, અનિયમિતતાને છુપવવાના બદઈરાદાથી ફરીયાદીને દફતર ન આપી દફતર ગેરવલ્લે કરી ઉપર જણાવેલ રેકર્ડ ફરીયાદીને નહી સોંપી અને ફરીયાદીએ આપેલ સુચના તેમજ માહિતી આપવા કરેલ આદેશોનુ જાણીબુજીને પાલન નહી કરી જાણીબુજીને ખોટા પત્રકો બનાવી યોગ્ય હિસાબો નહી નિભાવી પોતાના લાભ માટે ખોટા ધીરાણો જાણીબુજી મંજુર કરી તેમજ વાંદરવડ સેવા સહકારી મંડળી લી.ના ચોપડા, કાગળ, જામીનગીરી સાથે ચેડા કરી તેમા ફેરફાર કરી અને તેમને છુપાવી કુલ રૂા.૬,૫૬,૮૮,૪૦૭ જેવી માતબર રકમની ઉચાપત કરી ગુન્હો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા ભેંસાણ પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.કે.સરવૈયા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જૈનાના પર્યુષણ મહાપર્વને સત્કારવા આવતીકાલે જૂનાગઢમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨

જૂનાગઢ ભવનાથ તળેટી ખાતે આવેલા પારસધામ ખાતે રાષ્ટ્રસંત નમ્રમુની મહારાજ સાહેબના ચાતુર્માસનો કાર્યક્રમ યોજવામાં આવી રહેલ છે. આ ચાતુર્માસ દરમ્યાન જુદા-જુદા કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે અને દેશ-વિદેશના ભાવિકો અન્યન ધર્મલાભ લઈ રહ્યા છે. દરમ્યાન જૈનોના પર્યુષણ શરૂ થઈ રહ્યા છે ત્યારે આ મહાપર્વને સત્કારવા એક શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુની મહારાજ સાહેબના સાનિધ્યમાં લુક એન્ડ લર્ન જૈન જ્ઞાનધામ જૂનાગઢ દ્વારા પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વને આવકારવા તા.૩-૯-૨૦૨૩ આવતીકાલના રવિવારના રોજ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ શોભાયાત્રા જગમાલ ચોક જૂનાગઢથી સવારે ૮:૩૦ વાગ્યાથી શરૂ થશે અને શહેરના વિવિધ વિસ્તારોમાં ફરશે. તેમજ આ શોભાયાત્રામાં આઠ જેટલા ફલોટસ પણ રાખવામાં આવેલ છે. આ શોભાયાત્રા વિવિધ માર્ગો ઉપરથી ફરી ભવનાથ પારસધામ ખાતે આવશે અને જયાં રાષ્ટ્રસંત નમ્રમુની મહારાજ સાહેબ ત્યાં માંગલીક ઉદબોધન કરશે તેમ યાદીમાં જણાવેલ છે. જૂનાગઢ શહેરના સર્વવિરના વારસદારોને આ શોભાયાત્રામાં જોડાવવા આમંત્રણ પાઠવવામાં આવેલ છે. જગમાલ ચોક જૈન ઉપાશ્રયથી સવારે ૮:૩૦ વાગ્યે પ.પૂ. કલ્પનાબાઈ મ.સ. આદિઠાણા સાતના આર્શીવાદથી તેમજ ચતુર્વિધ સંઘની પ્રેરક હાજરીથી શોભાયાત્રાનો પ્રારંભ થશે. વધુ વિગત માટે કિરીટભાઈ સંઘવી એડકવોકેટ મો.નં.૯૮૨૫૨ ૪૮૨૬૨નો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીની હત્યાના બનાવમાં આરોપીની ધરપકડ કરતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં મોડીરાત્રીના બનેલા એક બનાવમાં પટાવાળાએ પીએમ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીની છરીઓના ઘા ઝીંકીને હત્યા કરી હતી. કર્મચારીને લોહી લુહાણ હાલતમાં જૂનાગઢ સિવિલ ઉપર સારવાર બાદ રાજકોટ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેનું મૃત્યું થયું હતું. આ અંગે મળતી વિગત અનુસાર પીએમ વિભાગમાં ફરજ બજાવતો અરવિંદ જેઠવા નામના કર્મચારી સિવિલ હોસ્પિટલના તાત્કાલિકસારવાર વિભાગપાસે આરામ કરતા હતા. દરમ્યાન સિવિલ હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ ઉપર કામ કરતા પટાવાળા તરીકે ફરજ બજાવતો અતુલ પરમાર નામનો શખ્સ અચાનક જ રૂમમાં આવી ગયો અને અરવિંદ જેઠવા ઉપર છરીના ઘા ઝીંક્યા હતા. બાદમાં સિવિલ હોસ્પિટલમાં જ તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી પરંતુ ગંભીર ઈજા હોવાથી વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું. સિવિલમાં થયેલ કર્મચારીની હત્યા મામલે જૂનાગઢ ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ જણાવ્યું હતું કે, પોલીસ દ્વારા હત્યારા અતુલ પરમારને ઝડપી પાડવામાં આવ્યો છે અને હાલ તેની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. દરમ્યાન આ બનાવ અંગે કલપીતભાઈ અરવિંદભાઈ જેઠવાની ફરિયાદના આધારે અતુલ પરમાર વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢ તાલુકાના રૂપાવટી ગામે અગાઉના મનદુઃખે સાત શખ્સોનો હુમલો : લુંટની નોંધાઈ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨

જૂનાગઢ તાલુકાના રૂપાવટી ગામના જીગ્નેશભાઈ પરષોતમભાઈ હિરપરા (ઉ.વ.૩૮)એ મહેશભાઈ કેશુભાઈ પરમાર, શૈલેષભાઈ જીવરાજભાઈ પરમાર, વિઠ્ઠલભાઈ ગોકળભાઈ પરમાર, વિપુલભાઈ ગોરધનભાઈ ટાંક, સાગરભાઈ ગોરધનભાઈ ટાંક, અનિકેતભાઈ શૈલેષભાઈ પરમાર, ગોરધનભાઈ ડાયાભાઈ ટાંક વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદીએ તેમના ગામની ગૌશાળા તેમજ રામમંદીરના હીસાબ બાબતનો વીડીયો બનાવી વાયરલ કરેલ હોય જે બાબતનુ મનદુઃખ રાખી આ કામના આરોપીઓ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી પાઈપ તેમજ લાકડી તેમજ છરી જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી ગુનો કરવાના ઈરાદે ફરીયાદીને માલીકીની જમીનમા ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદીને જેમફાવે તેમ બોલી પાઈપ તેમજ છરી તેમજ લાકડીઓ તેમજ ઢીકા પાટુનો માર મારી શરીરે ઈજા કરી જાનથી મારીનાખવાની ધમકી આરોપીના રોકડા રૂપીયા ૫૦૦૦ તથા વિવો કંપનીનો મોબાઈલ ફોન તથા સોનાની વીંટી નંગ-૧ની લુંટ કરી લઈ જઈ તમામે એકબીજાને મદદગારી કરી આરોપીઓએ જીલ્લા મેજી.ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા જૂનાગઢ તાલુકા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**વિદેશી દારૂ ઝડપાયો**

મજેવડી દરવાજા પાસેથી રીક્ષા નંબર જીટીએચ-૨૧૮૮ પસાર થતા પોલીસો તેનો અટકાવી અને તાપાસ કરતા દારૂની જુદી-જુદી બોટલો મળી ૮૧ નંગ તથા બજાજ કંપનીની રીક્ષા મળી કુલ ૫૨,૪૦૦નો મુદામાલ ઝડપી લેવામાં આવેલ છે. અજય આત્મારામ સોલંકી તથા ધર્મેશ ઉર્ફે ધમો ચંદુભાઈ સોલંકીને ઝડપી લેવામાં આવેલ જયારે હાજર નહી મળી આવેલ ધીરૂ ઉર્ફે ડબી સહિતનાઓ સામે ગુનો દાખલ કરવામાં આવેલ છે.

# સોમવારે જૂનાગઢ ભુતનાથ મહાદેવ મંદિરે ભવ્યાતી ભવ્ય શિવવંદના



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨

જૂનાગઢ શહેરની મધ્યમા આવેલ પ્રાચીન ભુતનાથ મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન શિવ આરાધનાના મહંત મહેશગીરી બાપુના સાનિધ્યમાં ભવ્ય કાર્યક્રમ થનાર છે. જેમાં તા.૪ને સોમવારના રોજ રાત્રે ૮:૩૦ કલાકે લોકસાહિત્યકાર શિવરાજભાઈ વાળાનો ભવ્યાતી ભવ્ય શિવવંદનાનો કાર્યક્રમ યોજાનાર છે. જેમાં પડછંદ અવાજ સાથે શિવરાજભાઈ શિવવંદના કરશે. તેમના મુખે લોક સાહિત્ય અને દુહા-છંદ સાંભળવા એ પણ એક લ્હાવો છે તેવા લોકપ્રિય તેઓ છે.

# જૂનાગઢ : સોમવારે ખેતલીયા દાદા મંદિરે વાર્ષિક પાટોત્સવની ઉજવણી કરાશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨

જૂનાગઢમાં સેજના ઓટા પાસે હિંગળાજ ફળિયા વિસ્તારમાં આવેલ ખેતલીયા દાદા મંદિરે શ્રાવણ વદ પાંચમના ૪ સપ્ટેમ્બરના સોમવારે વાર્ષિક પાટોત્સવ ની ઉજવણી અંતર્ગત યજ્ઞ અને બીડુ હોમહવનસહિતનો કાર્યક્રમ યોજાશે. સવારે ૭:૩૦ વાગ્યે યજ્ઞ પ્રારંભ તથા બપોરે ૧૨:૩૦ વાગ્યે બીડું હોમવામાં આવશે. જેનો તમામ ધર્મ પ્રેમી ભાવિકોએ દર્શનનો લાભ લેવા ખેતલીયા દાદા મંદિરના વ્યવસ્થાપક વિનુભાઈ કુરાણીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ

MI-GL

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટે છે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફક્ત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાય છે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::

સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-

૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨ જૂનાગઢ




ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત

● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે

● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીક્સના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,

મો. ૯૪૨૮૫ ૩૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર

લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ

મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



ૐ નેચર કયોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે

● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા

● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું

● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા

● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી

● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



જૂનાગઢમાં વેચવાનું છે

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ

(૨) ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ પાસે ૫૦૦વારની જગ્યા, ૮ રૂમવાળી બેંકને લાયક વેચવાની છે.

(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો

(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.

(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી

(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.

(૭) તળાવ દરવાજા વિસ્તારમાં ગોલ્ડન-લેક માં 3 BHK વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે..

(૮) માંગનાથ રોડ ઉપર ૧૫૫૦ સ્કવેર ફૂટ વાળો શોરૂમ તદન વ્યાજબી ભાવમાં વેચવાનો છે. ગેલેક્સી સાઈકલ ની બાજુમાં...

સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯